dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 165 | AD - 2026, Chaitra Sud - 05 | Monday, Dt. 23-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ઈરાને તેના નાતાન્ઝ પરમાણુ પ્લાન્ટ પર થયેલા હુમલાનો બદલો લેતા

## ઈરાને ઈઝરાયલના ડિમોના અને અરાદ શહેર પર મિસાઈલ હુમલા કર્યા

તેહરાન, તા. ૨૨


મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો તણાવ હવે વધુ ઉગ્ર બન્યો છે. ઈરાને તેના નાતાન્ઝ પરમાણુ પ્લાન્ટ પર થયેલા હુમલાનો બદલો લેતા દક્ષિણ ઈઝરાયલના ડિમોના અને અરાદ શહેરોને નિશાન બનાવી બેલિસ્ટિક મિસાઈલ હુમલા કર્યા છે. ડિમોના ખાતે થયેલા હુમલામાં એક ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું છે અને ઓછામાં ઓછા ૪૭ લોકો ઘાયલ થયા છે, જેમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. અનેક ઈમારતોના કાચ તૂટી ગયા છે અને વિસ્તારભરમાં ભયનો માહોલ સર્જાયો છે. ઈઝરાયલી સૈન્ય અનુસાર ડિમોના શહેરમાં આવેલ શિમોન પેરેસ નેગેવ ન્યુક્લિયર રિસર્ચ સેન્ટર નજીક સીધો મિસાઈલ હુમલો થયો હતો. જોકે આંતરરાષ્ટ્રીય એજન્સી મુજબ પરમાણુ સંશોધન કેન્દ્રને મોટું નુકસાન થયું હોવાના પુરાવા નથી. મેગેન ડેવિડ એડોમ (એમડીએ) બચાવ સેવાઓએ જણાવ્યું કે ઘાયલોમાં બાળકો સહિત અનેક લોકોનો સમાવેશ થાય છે, જ્યારે સોરોકા હોસ્પિટલમાં અનેક લોકોને સારવાર આપવામાં આવી રહી છે. અરાદ શહેરમાં થયેલા હુમલામાં પણ ભારે વિનાશ નોંધાયો છે. ચારથી વધુ રહેણાંક ઈમારતોને નુકસાન થયું છે અને અંદાજે ૭૫ લોકો ઘાયલ થયા છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે.



બચાવ દળો હજુ પણ અવશેષોમાં ફસાયેલા લોકોની શોધખોળ કરી રહ્યા છે. ઈરાનના ઈસ્લામિક રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ આ હુમલાને નાતાન્ઝ પરમાણુ પ્લાન્ટ પર થયેલા ઈઝરાયલી હુમલાનો સીધો જવાબ ગણાવ્યો છે. ઈરાનના જણાવ્યા મુજબ નાતાન્ઝ પર હુમલામાં કોઈ રેડિયેશન લીક થયું નહોતું, પરંતુ આ ઘટનાએ બંને દેશો વચ્ચે તણાવને ચરમસીમાએ પહોંચાડ્યો છે. આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (આઈએઈએ)એ બંને દેશોને સંયમ રાખવાની અપીલ કરી છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. બીજી તરફ, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમ પણ સક્રિય બન્યા છે. ઉત્તર અરબી સમુદ્રમાં બ્રિટિશ રોયલ નેવીએ પરમાણુ સંચાલિત સબમરીન 'એ ચ એ મ એ સ એન્સન' તૈનાત કરી છે, જે લાંબા અંતરના ટોમાહોક ક્રુઝ મિસાઈલોથી સજ્જ છે. ડિએગો ગાર્સિયામાં સ્થિત યુએસ-યુકે એરબેઝ પર ઈરાનના મિસાઈલ હુમલા બાદ પશ્ચિમી દેશોમાં ચિંતા વધી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમરે અમેરિકાને સહયોગ આપતા ઈરાની લક્ષ્યો પર હુમલા માટે બ્રિટિશ ઠેકાણાઓ ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. વિશ્લેષકોના મતે, આ પરિસ્થિતિ વધુ વિકટ બનતી જાય તો વૈશ્વિક સ્તરે મોટો સંઘર્ષ સર્જાઈ શકે છે. હોર્મુઝ જળમાર્ગ પર ઈરાનના પગલાંઓને કારણે વૈશ્વિક તેલ બજારમાં પણ અસ્થિરતા જોવા મળી રહી છે. હાલમાં સમગ્ર દુનિયાની નજર આ સંઘર્ષ પર કેન્દ્રિત છે. આગામી દિવસોમાં રાજનૈતિક પ્રયાસો સફળ થાય છે કે નહીં તે પરિસ્થિતિને નક્કી કરશે, પરંતુ હાલ માટે મધ્ય પૂર્વમાં યુધ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થવાની ભીતિ વધી રહી છે.

## ઉત્તર ભારતમાં હવામાનમાં મોટો ફેરફાર: વરસાદ, ધુમ્મસ અને પહાડોમાં બરફવર્ષા

નવી દિલ્હી, તા. ૨૨



ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં વરસાદ નોંધાયો છે, જ્યારે દિલ્હીમાં ફરી ધુમ્મસ છવાતા ઠંડીનો માહોલ સર્જાયો છે. દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં ૩.૫ ડિગ્રી ઓછું છે. મહત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી સુધી પહોંચ્યું હોવા છતાં ઠંડા પવનોની અસર યથાવત રહી છે. હવામાન વિભાગ મુજબ, દિલ્હીમાં રવિવારે ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા છે. શનિવારે શહેરમાં ૨૦થી ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. રાજસ્થાનના પૂર્વી વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં હળવો થી મધ્યમ વરસાદ નોંધાયો છે, જેમાં ઝુનઝુનુ જિલ્લાના મંડવામાં સૌથી વધુ ૧૮ મીમી વરસાદ પડ્યો હતો. પશ્ચિમ રાજસ્થાનમાં પણ આગામી દિવસોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં પણ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. લખનૌમાં મહત્તમ તાપમાન ૨૫.૯ ડિગ્રી રહ્યું, જે સામાન્ય કરતાં નોંધપાત્ર ઓછું છે. કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પણ નોંધાયો છે. હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં સતત પાંચમા દિવસે બરફવર્ષા થઈ છે, જેના કારણે તાપમાનમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. સાંગલા, કલ્પા અને કીલોંગ જેવા વિસ્તારોમાં નોંધપાત્ર બરફ પડ્યો છે, જ્યારે મધ્ય અને નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે.

## તમિલનાડુમાં એઆઈએડીએમકે ૧૬૦-૧૭૦ બેઠકો પર ચૂંટણી લડે તેવી શકયતા

ચેન્નાઈ, તા.૨૨



૨૦૨૬ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને એઆઈએડીએમકેના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધનમાં બેઠક વહેંચણીની પ્રક્રિયા નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. પક્ષના સૂત્રો મુજબ, એઆઈએડીએમકે આશરે ૧૬૦ થી ૧૭૦ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીમાં છે, જેથી પોતાના દમ પર સરકાર બનાવવા માટે બહુમતી મેળવી શકાય.

પક્ષના મહાસચિવ એડાપ્પડી કે. પલાનીસ્વામીની તાજેતરની દિલ્હી મુલાકાત દરમિયાન બેઠક વહેંચણી અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ હતી.

૨૩૪ બેઠકો ધરાવતી વિધાનસભામાં સરકાર બનાવવા માટે ૧૧૮ બેઠકો જરૂરી છે, જેને ધ્યાનમાં રાખીને ગઠબંધન ૨૧૦ બેઠકો જીતવાનો લક્ષ્ય રાખી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ભાજપને આશરે ૩૦ બેઠકો ફાળવવામાં આવી શકે છે, જ્યારે પીએમકેને લગભગ ૧૭ બેઠકો મળી શકે છે. ટીટીવી દિનાકરણના નેતૃત્વ હેઠળની એએમએમકેને નવ બેઠકો અને જી.કે. વાસનના ટીએમસીને ત્રણ બેઠકો મળવાની સંભાવના છે. નાના પક્ષો એઆઈએડીએમકે અથવા ભાજપના પ્રતિક પર ચૂંટણી લડશે.

ભાજપના વરિષ્ઠ નેતાઓ પણ બેઠક વહેંચણી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાયા છે. ૨૦૨૧ની ચૂંટણીના પરિણામોને ધ્યાનમાં રાખીને આ વખતે ગઠબંધન વધુ મજબૂત પ્રદર્શન કરવા પ્રયત્નશીલ છે.

### ન્યાયાધીશો ઘણીવાર રજાઓ દરમિયાન પણ બાકી રહેલા ચુકાદા લખવામાં વ્યસ્ત

## ન્યાયાધીશોના વધતા કામના ભાર અંગે સુપ્રીમ કોર્ટનાં જજે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૨૨



સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનની રાષ્ટ્રીય પરિષદ દરમિયાન ન્યાયાધીશો દ્વારા કામના વધતા ભાર અંગે વ્યક્ત કરાયેલી પીડા હવે ચર્ચાનો વિષય બની છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાએ જણાવ્યું કે ન્યાયાધીશો ઘણીવાર રજાઓ દરમિયાન પણ બાકી રહેલા ચુકાદા લખવામાં વ્યસ્ત રહે છે, જેના કારણે તેમને પૂરતો આરામ મળી શકતો નથી.

'ન્યાયિક શાસનનું પુનર્નિર્માણ' વિષયક પેનલ ચર્ચામાં તેમણે કહ્યું કે ન્યાયાધીશોનું કાર્ય ફક્ત કોર્ટમાં સુનાવણી પૂરતું મર્યાદિત નથી. દિવસ દરમિયાન કેસોની સુનાવણી બાદ સાંજ અને રાત્રિના સમય દરમિયાન ચુકાદા તૈયાર કરવા પડે છે. તેઓએ ઉમેર્યું કે ઉનાળાની રજાઓ, તહેવારો કે સપ્તાહાંત દરમિયાન પણ ન્યાયાધીશો પર કામનો ભાર યથાવત રહે છે.

જસ્ટિસ દીપાંકર દત્તાએ પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે સતત લાંબા સમય સુધી કેસો સાંભળવાથી માનસિક થાક ઊભો થાય છે અને મનને આરામની જરૂર પડે છે. તેમ છતાં, ન્યાયાધીશો પર સમયસર ચુકાદા આપવાનો દબાણ રહે છે.

પરિષદમાં સરકારી કેસોની સંખ્યા વધવાથી બેકલોગ વધતો હોવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. ન્યાયાધીશોએ સરકારને જવાબદાર રીતે કેસ ચલાવવાની અને આદર્શ મુકદ્દમા પક્ષકાર બનવાની અપીલ કરી હતી.

## ઈરાન-ઈઝરાયલ તણાવ વચ્ચે પાકિસ્તાને ભારત અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી

નવી દિલ્હી, તા.૨૨



પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવના પડઘા દક્ષિણ એશિયામાં પણ સાંભળવા મળી રહ્યા છે. આ વચ્ચે પાકિસ્તાનના ભૂતપૂર્વ હાઈ કમિશનર અબ્દુલ બાસિતના નિવેદનથી નવી ચર્ચા શરૂ થઈ છે. તેમણે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે જો ભવિષ્યમાં અમેરિકા પાકિસ્તાન પર હુમલો કરે, તો પ્રતિકારરૂપે ભારતના શહેરોને નિશાન બનાવવાની શક્યતા ઊભી થઈ શકે છે. બાસિતે આ પરિસ્થિતિને "સૌથી ખરાબ સંજોગ" ગણાવી હતી અને સ્પષ્ટ કર્યું કે આવી સ્થિતિની શક્યતા ખૂબ ઓછી છે. તેમ છતાં, તેમના નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચિંતા વધી છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાન પાસે અમેરિકા સુધી પહોંચે તેવી ક્ષમતા મર્યાદિત હોવાથી તે નજીકના લક્ષ્યો પર પ્રતિક્રિયા આપી શકે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન-ઈઝરાયલ તણાવ સતત વધી રહ્યો છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનિશ્ચિતતા સર્જાઈ છે. બીજી તરફ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે પણ તણાવ વધતો જોવા મળી રહ્યો છે.







## નાણાકીય સંકટ વચ્ચે હિમાચલમાં મુખ્યમંત્રી-ધારાસભ્યોના પગારમાં કાપ

શિમલા, તા.૨૨

હિમાચલ પ્રદેશમાં વધતા નાણાકીય સંકટને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યના મુખ્યમંત્રી, મંત્રીઓ અને ધારાસભ્યો સહિત વરિષ્ઠ અધિકારીઓના પગારનો એક ભાગ આગામી છ મહિના માટે મુલતવી રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

આ નિર્ણય મુજબ મુખ્યમંત્રી પોતાના પગારના ૫૦ ટકા, નાયબ મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓના ૩૦ ટકા તથા ધારાસભ્યોના ૨૦ ટકા પગાર મુલતવી રહેશે. ઉપરાંત, ટોચના અધિકારીઓ જેમ કે મુખ્ય સચિવ, ડીજીપી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓના પગારમાં પણ ૨૦થી ૩૦ ટકાનો વિલંબ કરવામાં આવ્યો છે. ગ્રુપ 'એ' અને 'બી' અધિકારીઓના પગારમાં ૩ ટકા વિલંબ લાગુ પડશે, જ્યારે ગ્રુપ 'સી' અને 'ડી' કર્મચારીઓને આ નિર્ણયમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. બજેટ રજૂ કરતી વખતે સુખુએ જણાવ્યું કે મહેસૂલ ખાધ ગ્રાન્ટ સ્થગિત થવાને કારણે રાજ્ય પર આર્થિક દબાણ વધ્યું છે.

# અમરેલીમાં રૂ.૨૭૦ કરોડના ખર્ચે બનનાર બાયપાસ રોડનું મુખ્ય મંત્રીના હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૨

મુખ્યમંત્રીના વરદ્હસ્તે જિલ્લાના સર્વાંગી વિકાસને નવી દિશા આપનાર રૂ.૨૭૦ કરોડથી વધુ ખર્ચે બનનાર સૂચિત નવા ૪ લેન ડિવાઈડેડ આધુનિક બાયપાસ રોડ (રાધેશ્યામ ચોકડીથી નાના માચીયાળા સુધી)નું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું નાના માચીયાળા ગામ અગ્રણી અને તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ અને સમગ્ર ગામ પરિવાર દ્વારા ઉમળાભેર સ્વાગત કરવામાં હતું. આ તકે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરો સામે ભયમુકત બની ફરિયાદ કરવા અપીલ

અમરેલી,તા.૨૨

પોલીસ દ્વારા સમગ્ર અમરેલી જિલ્લામાં વ્યાજખોરોના વિષચક્રને નાબૂદ કરવા માટે એક વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઈવનો મુખ્ય ઉદ્દેશ નાગરિકો આર્થિક તંગીના કારણે ગેરકાયદે વ્યાજ વટાવનો વ્યવસાય કરતા ઈસમો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે. જે આવી ગેરકાયદે પ્રવૃત્તિ આચરનાર ઈસમો ઉંચા વ્યાજે રૂપિયા આપતા હોય છે અને બાદ ભોગ બનનાર વ્યક્તિ તે ઉંચુ વ્યાજ ચુકવતો રહે છે જેમાં મુદલ રકમ કરતા ઘણી બધી વધુ રકમ ચુકવવા છતા, આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો દ્વારા ભોગ બનનાર વ્યકિત પાસેથી પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય છે અને જેના પરિણામે ભોગ બનનાર તથા તેના કુટુંબીજનોની પાયમાલી સર્જાતી હોય છે. જે એક વ્યક્તિને નહીં પરંતુ એક પુરા કુટુંબને અસર કરતા રહે છે અમરેલી જિલ્લા પોલીસનો હેતુ આવા પીડિતોને સુરક્ષા પૂરી પાડવાનો અને ગુનેગારો વિરૂધ્ધ કડક કાર્યવાહી હાથ ધરવાનો છે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે, કોઈ પણ નાગરિકે વ્યાજખોરોના ડરથી ગભરાવવાની જરૂર નથી. જો કોઈ વ્યકિત તમારી પાસેથી ગેરકાયદે વ્યાજની ઉઘરાણી કરતી હોય ધાક-ધમકી આપતી હોય કે બળજબરીથી લખાણ કરાવતી હોય, તો તુરંત જ નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.'' આ ઉપરાંત જરૂર જણાશે તો પીડિતને પૂરતુ પોલીસ રક્ષણ પુરૂ પાડવામાં આવશે.

# રાજુલા-સાવરકુંડલા રોડ પર કચરાના ડેપોમાં ભીષણ આગ

રાજુલા,તા.૨૨



રાજુલાના સાવરકુંડલા રોડ પર ગૌશાળા સામે આવેલી નગરપાલિકાની કચરાની ઉથરેટીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગને કારણે આસપાસના વિસ્તારમાં ઘટ્ટ ધુમાડો ફેલાતા વાહનચાલકોની દ્રશ્યતા ઘટી ગઈ હતી અને ટ્રાફિક પ્રભાવિત થયો હતો. ઘટનાની જાણ થતાં નગરપાલિકાના સભ્યો રણછોડભાઈ મકવાણા અને અન્ય અગ્રણીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરની ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# રાજુલાની જનરલ હોસ્પિટલમાં બ્લડ સ્ટોરેજ માટેના સાધનોનું લોકાર્પણ

રાજુલા, તા.૨૨

રાજુલા શહેરની જનરલ હોસ્પિટલ ખાતે ઈમરજન્સી દર્દીઓને સમયસર બ્લડ મળે તે માટે એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા સ્વખર્ચે બ્લડ સ્ટોરેજ યુનિટ માટે ફ્રિઝ અને અન્ય જરૂરી સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે રાજુલા ખાતે કાર્યરત બ્લડ સ્ટોરેજ યુનિટને સંપૂર્ણ બ્લડ બેંકમાં પરિવર્તિત કરવા માટે વિધાનસભામાં રજૂઆત કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં દર્દીઓને વધુ સુવિધા મળી રહે. આ કાર્યક્રમમાં બાપા સીતારામ હેલ્થ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો, વેપારીઓ, ભાજપાના કાર્યકર્તાઓ તેમજ શહેરની ખાનગી હોસ્પિટલોના ડોક્ટર અને સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

# જાફરાબાદમાં ઈદની ઉજવણી કરાઈ

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદમાં મુસ્લિમ સમાજ દ્વારા રમજાન મહિનાના ૩૦ રોજા પુરા કરીને અલ્લાતાલાની ઈબાદત કરી હતી અને દુઆ કરવામાં આવી હતી કે, દેશમાં અમન શાંતિ અને ભાઈચારો રહે અને ભારત હંમેશા આગળ વધે. મુસ્લિમ સમાજ દ્વારા એકબીજાને ગળે મળીને ઈદની મુબારક પાઠવવામાં આવી હતી અને જાફરાબાદ મુસ્લિમ સમાજ દ્વારા લોકોને ઈદની ખૂબ સારી મુબારક બાદ પાઠવી હતી સાથે જાફરાબાદ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.



તસવીર : બાબુ વાઢેળ

# લીલીયા મોટામાં ઈદ-ઉલ-ફિત્રની શાનદાર ઉજવણી

લીલીયા મોટા,તા.૨૨

લીલીયા મોટા ખાતે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી પરંપરાગત શાન અને શૌકત સાથે કરવામાં આવી હતી. પવિત્ર રમજાન માસના ૩૦ રોજા પૂર્ણ થતા મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં એકત્ર થઈ ઈદની વિશેષ નમાજ અદા કરી હતી. આ નમાજ જુમ્મા મસ્જિદના પેશ ઈમામ સરકાર બાવા મિયા બાપુ દ્વારા અદા કરાવવામાં આવી હતી. નમાજ બાદ દેશમાં શાંતિ, અમન અને ભાઈચારો જળવાઈ રહે તે માટે ખાસ દુઆ કરવામાં આવી હતી. નમાજ પૂર્ણ થયા બાદ તમામ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. આ પ્રસંગે ઈદગાહ ખાતે ઉદ્યોગપતિ વિનુભાઈ રામાણી, જીવનભાઈ વોરા અને ખોડાભાઈ માળવિયા સહિતના અન્ય આગેવાનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ઉજવણી દરમિયાન ભાઈચારાના દર્શન થયા હતા અને લોકોએ હર્ષોલ્લાસ સાથે પર્વની ઉજવણી કરી હતી.



# દિવ્યધામ વલારડી ખાતે શિવ કથામાં ભક્તોનું ઘોડાપુર

અમરેલી,તા.૨૨

દિવ્યધામ વલારડી ખાતે પૂજ્ય ગિરીબાપુના વ્યાસાસને ચાલી રહેલી ભવ્ય શિવ કથામાં હજારો ભક્તો ઉમટી પડ્યા છે. શક્તિના સાનિધ્યમાં શિવ મહિમાની સવિશેષ ઝાંખી કરાવતી આ કથામાં દરરોજ સાંજે ૬:૩૦ કલાકે હરિદ્વારના બ્રાહ્મણો દ્વારા મંત્રમુગ્ધ કરનારી ગંગા આરતી યોજાય છે. આ પ્રસંગે ગિરીબાપુના હસ્તે નવનિર્મિત 'દિવ્યભવન'નું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

કથાની સાથે જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ અને વ્યસન મુક્તિ જેવા સામાજિક કાર્યો વેગ પકડી રહ્યા છે. રાત્રિ દરમિયાન રાજભા ગઢવી, શ્રુતિ પટેલ અને માનસિંહ ગોહિલ જેવા કલાકારોના લોકડાયરા તેમજ આશિષ વઘાસિયા અને મિતલબેન દ્વારા રાસોત્સવનું આયોજન કરાયું હતું.

આ આધ્યાત્મિક મહોત્સવમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૨૭ માર્ચ સુધી ચાલનારી આ કથામાં પથ્થર દાન આપીને ભક્તો દિવ્યધામ નિર્માણમાં સહભાગી થઈ શકે છે.





# સાવરકુંડલામાં ૨૬ માર્ચે નીકળશે પ્રભુ શ્રી રામની ભવ્ય શોભાયાત્રા

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલામાં બજરંગદાસ ગૌ સેવા સમિતિ દ્વારા 'શ્રી રામ જન્મોત્સવ'ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવના ભાગરૂપે તાજેતરમાં પોસ્ટ ઓફિસ રોડ સ્થિત શ્રી રામ જન્મોત્સવ કાર્યાલય ખાતે હજારો રામભક્તોની ઉપસ્થિતિમાં સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ યોજાયા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.આ મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્યાતિભવ્ય શોભાયાત્રા આગામી તારીખ ૨૬/૦૩/૨૦૨૬, ગુરુવારના રોજ યોજાશે.

આ શોભાયાત્રા બપોરે ૨:૦૦ કલાકે જેસર રોડ પર આવેલા સનાતન આશ્રમથી પ્રસ્થાન કરશે. શોભાયાત્રામાં વિવિધ આકર્ષક ફ્લોટ્સ (ટેબ્લો), પરંપરાગત ધૂન-મંડળીઓ, નાસિક ઢોલ અને શણગારેલા દિવ્ય રથો સાથે પ્રભુ શ્રી રામ નગરચર્યાએ નીકળશે. શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા સાવરકુંડલાની ધર્મપ્રેમી જનતાને આ પાવનકારી શોભાયાત્રામાં સહપરિવાર જોડાઈને પુણ્યનું ભાથું બાંધવા અને અયોધ્યાપતિ રામલલ્લાના આશીર્વાદ પ્રાપ્ત કરવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



તસવીર : સૌરભ દોશી

# અમરેલી શહેરમાં 'લોકસાહિત્ય સેતુ'ની ૧૨૯મી બેઠકનું આયોજન

અમરેલી,તા.૨૨

લોકસાહિત્ય સેતુ, અમરેલી દ્વારા સંસ્થાની ૧૨૯મી બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠક આગામી ૨૪ માર્ચ, ૨૦૨૬ ને મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જેસીંગપરા સ્થિત સરસ્વતી વિદ્યા મંદિરના પ્રાર્થના હોલ ખાતે યોજાશે. આ વખતની બેઠકનો મુખ્ય વિષય (થીમ) 'બાળ લોકસાહિત્ય' રાખવામાં આવ્યો છે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોશી ઉપસ્થિત રહેશે, જ્યારે સંચાલન પ્રકાશભાઈ શુક્લા કરશે. પ્રવીણભાઈ કથરીયા અને સંજયભાઈ પંડ્યા વ્યવસ્થા તથા સંકલન સંભાળશે. સાહિત્ય રજૂ કરવા ઈચ્છતા મિત્રોએ સંજયભાઈનો સંપર્ક કરવા વિનંતી છે.

હવે અમરેલી શહેરમાં...
દિવ્યમ્ દદામિ તે ચક્ષુઃ
GMIU
Gyanmanjari Innovative University
જ્ઞાનમંજરી ઈનોવેટીવ યુનિવર્સીટી, ભાવનગર
દ્વારા કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર
DIPLOMA | B.TECH | M.TECH | B.SC | M.SC |
BCA | MCA | BBA | MBA | B.COM | M.COM |
BA | MA | DESING | PH.D |
ADDMISION
OPEN NOW IN AMRELI
www.gmiu.edu.in
70438 19956 | 99251 11132 | 75 74 949494

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# રાજુલાના વૃદ્ધના સોનાના બટન લૂંટનાર બે શખ્સોને ગણતરીના દિવસોમાં પોલીસે ઝડપી પાડયા

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ એક વૃદ્ધ સાથે થયેલી લૂંટનો ભેદ અમરેલી એલ.સી.બી. ટીમે ઉકેલી નાખ્યો છે. રાજુલા તાલુકાના માંડલ ગામના ૮૨ વર્ષીય વૃદ્ધ દુલાભાઈ ભગવાનભાઈ નકુમને બે અજાણ્યા શખ્સોએ મોટરસાયકલ પર લિફ્ટ આપી ઘર પાસે ઉતારવાને બદલે થોડે



દૂર લઈ જઈ, માર મારવાની ધમકી આપી ડરાવી-ધમકાવી તેમના ખમીસમાં પહેરેલા અંદાજે બે તોલા સોનાના ત્રણ બટન કિ.રૂ. ૨,૫૦,૦૦૦/- ની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. પોલીસની ટીમે ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે ત્વરિત કાર્યવાહી કરી હતી. પોલીસે આ લૂંટમાં સામેલ બે શખ્સો, સુજલ ઉર્ફે હુડી રાજુભાઈ સોલંકી અને સોનુ ઉર્ફે ભુરો કિશનભાઈ સોલંકી (બંને રહે. રાજુલા) ને ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બંને આરોપીઓ અગાઉ પણ રાજુલા અને પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં અનેક ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી લૂંટેલા ૯.૩૮૦ ગ્રામ વજનના સોનાના ત્રણ બટન કિ.રૂ. ૧,૨૧,૦૦૦/- અને ગુનામાં વપરાયેલ સ્પ્લેન્ડર મોટરસાયકલ કિ.રૂ. ૩૦,૦૦૦/- મળી કુલ રૂ.૧,૫૧,૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

# બગસરાના ગામોમાં મેડીકલ સાધનોની સેવા દ્વારા વતનનું ઋણ ચુકવતા દડિયા પરિવાર

બગસરા,તા.૨૨

બગસરાના બાળકેળવણી મંદિરની ભગીની સંસ્થા, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા મોટા માંડવડા ગામે આઠમું મેડીકલ સાધન સેવા સહાય સેન્ટરનો પ્રારંભ કરવામાં આવેલ છે. બગસરા તાલુકાના જુના ઝાઝરીયા, જુની હળિયાદ, હામાપુર, હડાળા, સાપર, નાઝાપુર અને મોટા લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે


તસવીર : હાર્દિક બામટા

દડિયા પરિવારના સહયોગથી આરોગ્ય સેવા ચાલી રહી છે.કિશોરભાઈના સ્નેહી અને બગસરાના વતની અમેરિકા નિવાસી અનીલભાઈ અને દિનેશભાઈ દડીયાના આર્થિક સહયોગથી, માતુશ્રી કંચનબેન ખીમચંદભાઈ દડિયાના સ્મરણાર્થે, રામબાપુ રસોઈઘર મોટા માંડવડા ગામે, સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક નૂતન મેડીકલ સાધન સહાય સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે. સમસ્ત ગામજનોએ દડિયા પરિવારની સેવાને બીરદાવી હતી, તેમ કમલેશભાઈ ટીબડિયા, કાળુભાઈ કસવાળા અને પ્રવીણભાઈ પોકળની અખબાર યાદીમાં જણાવેલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિમંદિર ખાતે શીશ ઝુકાવી રાજ્યના વિકાસની મંગલ કામના કરી

અમરેલી,તા.૨૨

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી સ્થિત ત્રિમંદિરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ ત્રિમંદિરમાં બિરાજમાન સીમંધર સ્વામી અને અન્ય દેવતાઓના ચરણોમાં શીશ ઝુકાવી ગુજરાતના વિકાસ અને પ્રગતિ માટે મંગલ કામના કરી હતી. મુખ્યમંત્રીએ ત્રિમંદિર ખાતે સીમંધર સ્વામીની સાથે યોગેશ્વર શ્રી કૃષ્ણ ભગવાન, શ્રીનાથજી, તિરુપતિ બાલાજી તેમજ પૂજ્ય દાદા ભગવાન અને પૂજ્ય નીરુમાના દર્શન કરી પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક મુલાકાત પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ



વેકરીયા, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા અને જે.વી.કાકડિયા સહિતના અગ્રણીઓએ પણ ભગવાનના આશીર્વાદ લીધા હતા.

# તારા પિયર વાળાઓએ કોઈ કામકાજ શીખવાડયું નથી કહી સાસુએ વહુને મેણા માર્યા

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા ટાઉનમાં એક સાસુએ તેની વહુને તારા પિયર વાળાઓએ કોઈ કામકાજ શીખવાડયું નથી કહી મેણા માર્યા હતા. તેમજ પતિએ મુંઢ માર માર્યો હતો. આ અંગે કાજલબેન જયેશભાઈ મેસવાણીયા (ઉ.વ.૨૬) એ પતિ યશ મહેન્દ્રભાઈ પાઉ તથા સાસુ સંગીતાબેન મહેન્દ્રભાઈ પાઉ સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના પતિ તથા સાસુ હેરાન પરેશાન કરી તને કોઈ કામ કાજ આવડતુ નથી અને તારા પિયર વાળાઓએ કોઈ કામ કાજ શીખવાડયુ નથી, તને કરીયાવરમાં કાંઈ આપેલ નથી તેમ કહી મેણા ટોણા મારી શારીરીક તથા માનસિક દુઃખ ત્રાસ આપતા હતા. પતિએ ઢીકાપાટુથી મુંઢ માર માર્યો હતો અને સાસુએ જેમફાવે તેમ ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં આમ આદમી પાર્ટીની લાઠી વિધાનસભાની સેન્સ પ્રક્રિયા યોજાઈ

લાઠી, તા.૨૨

લાઠી વિધાનસભા વિસ્તારમાં આમ આદમી પાર્ટી દ્વારા ૨૦ માર્ચના રોજ બાબરામાં મહત્વપૂર્ણ સેન્સ પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, મહામંત્રી હિરેનભાઈ વિરડીયા, પાર્ટીના પ્રમુખ કૌશિક ભરાડ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા નગરપાલિકાના સંભવિત ઉમેદવારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ખાસ કરીને યુવા અને શિક્ષિત વર્ગમાં



આમ આદમી પાર્ટી તરફથી ચૂંટણી લડવાનો ઉત્સાહ સ્પષ્ટ જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટી દ્વારા ભાજપ અને કોંગ્રેસના ભ્રષ્ટાચાર વિરુધ્ધ સશક્ત વિકલ્પ રૂપે "સાચી રાજનીતિ" અને "પ્રજાલક્ષી કામ" કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજુલાના હિંડોરણા ગામેથી ગુમ થયેલ માતા-પુત્રીને રાજકોટથી પોલીસે શોધી

રાજુલા, તા.૨૨

રાજુલાના હિંડોરણા ગામેથી તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ મનીષાબેન ધીરુભાઈ ખોડાભાઈ ટાણેચા (ઉ.વ.૩૮) અને તેમની પુત્રી હિરલબેન ધીરૂભાઈ ટાણેચા (ઉ.વ.૧૬ રહે.હિંડોરણા) બંને પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે જતા રહ્યા હતા. આથી તેમના પરિવારજનોએ રાજુલા પોલીસ સ્ટેશનમાં તેમના ગુમ થવા અંગે જાણ કરી હતી. રાજુલા પો. સ્ટે.ના ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ ગુમ થનારની તપાસ કરી કરાવતા



હ્યુમન સોર્સ અને ટેકનિકલ મદદથી માતા-પુત્રીને રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળ ચોકડી મુકામેથી શોધીને તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવેલ હતું.

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સિનિયર સિટીઝન પાર્ક સ્થિત કાર્યાલય ખાતે

# અમરેલીમાં વિવિધ સંસ્થાઓના અગ્રણીઓની હાજરીમાં ભગવાન રામની મહાઆરતી

અમરેલી,તા.૨૨

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર ટીમ દ્વારા આગામી ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ રામ નવમી નિમિત્તે યોજાનારી ભવ્ય શોભાયાત્રાના પૂર્વ આયોજનના ભાગરૂપે એક વિશેષ કાર્યક્રમ સંપન્ન થયો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અમરેલીના પ્રમુખ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ગત ૨૦ માર્ચના રોજ સિનિયર સિટીઝન પાર્ક સ્થિત કાર્યાલય ખાતે ભગવાન શ્રી રામની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૐ શાંતિ, સાગર મહેતા ગ્રુપ, લવ યોર સેલ્ફ ફિટનેસ ક્લાસ અને શ્રી રામ યોગ ગ્રુપ સહિતની સંસ્થાઓ જોડાઈ હતી. વિશેષરૂપે માનસિક વિકાસ કેન્દ્ર, મંદબુદ્ધિ છાત્રાલય અને મૂક બધિર સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. આ સાથે જ નારી



જાગૃતિ લોગ કલ્યાણ ફાઉન્ડેશન, સમસ્ત કોળી ઠાકોર સમાજ અને પ્રહાર એકેડમીના સભ્યો પણ સહભાગી થયા હતા. કાર્યક્રમમાં પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી, જિલ્લા મંત્રી ઈતેષભાઈ મહેતા અને રમીલાબેન પટોલીયા જેવા વરિષ્ઠ હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. બજરંગ દળના કરણભાઈ વાજા, મહાવીરભાઈ વિંછીયા અને ગૌ રક્ષા પ્રમુખ ભોજરાજભાઈ વાળા સહિત માતૃ શક્તિ અને દુર્ગા વાહિનીના બહેનોએ પણ આરતીમાં જોડાઈ શોભાયાત્રાની તૈયારીઓને વેગ આપ્યો હતો. નગર પ્રમુખ ભાવેશભાઈ કાબરીયા અને મંત્રી પંકજભાઈ કાનાણીએ આગામી શોભાયાત્રામાં સર્વ સમાજને જોડાવા અપીલ કરી છે.

# સાવરકુંડલામાં કમોસમી વરસાદમાં ૭૦થી વધુ પરિવારોને ગેબી વાજીંત્ર તરફથી ભોજન સેવા

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં અચાનક પડેલા માવઠાએ લોકોના રોજિંદા જીવનને અસર કરી હતી. આ સમયે મધ્યમ વર્ગના અને ઝૂપડપટ્ટી વિસ્તારના લોકોને પોતાના માટે ભોજનની વ્યવસ્થા કરવી મુશ્કેલ બની હતી. આવી પરિસ્થિતિમાં ગેબી વાજીંત્ર દ્વારા માનવીય સેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ૧૯ માર્ચના રોજ સાંજના ૬:૦૦


તસવીર : સૌરભ દોશી

થી ૯:૦૦ વાગ્યા સુધી ૭૦થી વધુ મધ્યમ વર્ગના પરિવારોને મફત ટિફિન સેવા આપવામાં આવી હતી.




## અવસાન નોંધ

**ચાડિયા**

ગં.સ્વ.અંબાબેન પ્રાગજીભાઈ રામાણીનું તા.૨૨/૦૩/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનુ સદગત બેસણુ તા.૨૬/૦૩/૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી તેમના નિવાસસ્થાન ચાડિયા મુકામે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ.મહેન્દ્રભાઈ વિઠ્ઠલદાસ કારીયા તા.૨૦/૦૩/૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે ગીતાબેનના હસબન્ડ અને હેતલબેન વિશાલકુમાર માખેચાના પિતાશ્રી તેમજ જગજીવન મોહનલાલ પલાણના જમાઈ થાય છે. તેમનું સદગત બેસણુ તા.૨૩/૦૩/૨૦૨૬ સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ વિશાલ કુમાર માખેચા શ્યામલ રાજ એપાર્ટમેન્ટ, સી-૨૦૪ ,શાંતીનગર ગેઈટની અંદર, રૈયાધાર રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ**

સ્વ.કિરણભાઈ વજુભાઈ હણસોરા (ઉ.વ.૪૮)નું તા.૨૦/૩/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઘનશ્યામભાઈ, રાજેશભાઈ, મુકેશભાઈ તથા દિપકભાઈના નાનાભાઈ તથા કુશના પિતા અને વિનોદભાઈ સિધ્ધપુરા (રાજકોટ)ના જમાઈ હિરેનભાઈ તથા અજયભાઈના બનેવી થાય છે. સદગતનુ બેસણુ તા. ૨૩ને સોમવારના રોજ લુહાર વાડી સ્ટેશન પ્લોટ ખાતે સાંજે ૪થી ૬ રાખેલ છે. પિયર પક્ષનું બેસણુ સાથે રાખેલ છે.

# સા.કુંડલામાં જિલ્લા કોંગ્રેસ દ્વારા 'સંવાદ અને વિચાર વિમર્શ' કાર્યક્રમ

સાવરકુંડલા,તા.૨૨

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાવરકુંડલા ખાતે વિશેષ 'સંવાદ અને વિચાર વિમર્શ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી તેમજ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આગામી ચૂંટણીઓ માટે વ્યૂહરચના, સક્રિયતા અને સંગઠન મજબૂતીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સંવાદ કાર્યક્રમ બે તબક્કામાં યોજવામાં આવ્યો



હતો. પ્રથમ તબક્કામાં સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ કલાકે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ હતી, જ્યારે બીજા તબક્કામાં બપોરે ૪:૦૦ થી ૫:૩૦ કલાકે સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો સાથે સંવાદ અને આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કનુભાઈ બારિયા અને અમિતભાઈ લવતુકા પણ ખાસ હાજર રહ્યા હતા. બેઠકમાં પ્રદેશ અગ્રણી ચંદ્રેશભાઈ રવાણી, વલ્લભભાઈ ઝીંઝુવાડિયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાણી, શહેર કોંગ્રેસ પ્રમુખ હસુભાઈ સૂચક તેમજ અશ્વિનભાઈ ધામેલીયા, દાનુભાઈ ખુમાણ, નારણભાઈ ગુજરીયા, જશુભાઈ ખુમાણ, દીપકભાઈ સભાયા અને કનુભાઈ ડોડીયા સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહેશભાઈ જયાણી, હિતેષભાઈ સરિયાં, હસુભાઈ બગડા, કિરીટભાઈ દવે અને અન્ય પદાધિકારીઓ પણ જોડાયા હતા.






# લાઠીના આંબરડી-ઢસા રોડનું રૂ. ૫૦ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત

લાઠી,તા.૨૧



લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને વધુ સુવિધાસભર અને સુરક્ષિત માર્ગ વ્યવસ્થા સાથે જોડવાના હેતુસર આંબરડી-ઢસા માર્ગના રીસર્ફેસીંગ કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ.૫૦ કરોડના ખર્ચે હાથ ધરનાર આ મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેક્ટથી વિસ્તારના હજારો નાગરિકોને સીધો લાભ મળશે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી, જેમાં તાલુકાના આગેવાનો, વિવિધ ગામના સરપંચો, તાલુકા પંચાયતના સભ્યો, ભાજપના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ છે અને માર્ગ સુવિધા એ શિક્ષણ, આરોગ્ય તથા કૃષિ વિકાસ માટેની મુખ્ય કડી છે. આંબરડી-ઢસા માર્ગ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલી પડતી હતી, જે હવે રીસર્ફેસીંગ બાદ સુરક્ષિત અને સુગમ બનશે. આ માર્ગ કૃષિ આધારિત વિસ્તારને મુખ્ય બજારો સાથે જોડતો હોવાથી ખેડૂતોને ઉપજ પહોંચાડવામાં સરળતા રહેશે, વાહન ખર્ચ ઘટશે અને સમયની બચત થશે. આ ઉપરાંત, રોજગાર અને શિક્ષણ માટે આવનજાવન કરતા યુવાનોને પણ આ રસ્તાથી વિશેષ ફાયદો થશે. સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોએ આ લોકહિતના કાર્ય આભાર વ્યક્ત કર્યો હતો.

# બગસરાના તરઘરી ગામે પ્રેમલગ્નના વિવાદમાં હથિયારો સાથે આવેલા યુવતીના પરિવારજનોએ ધીંગાણું કર્યું

બગસરા, તા.૨૨

બગસરા તાલુકાના તરઘરી ગામે પ્રેમલગ્નની અદાવતમાં લોહિયાળ ખેલ ખેલાયો હોવાની ઘટના સામે આવી હતી. દીકરાએ કરેલા પ્રેમલગ્ન અને તેના ખોટા લગ્ન સર્ટિફિકેટના વિવાદમાં ઉશ્કેરાયેલા સાસરી પક્ષના લોકોએ ઘરમાં ઘૂસીને પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હતો. આ અંગે તરઘરી ગામે રહેતા જગદીશભાઈ મોહનભાઈ ખુમાણે ગોંડલ તાલુકાના ગુંદાળા ગામના બાબુભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દિકરા નિકુંજે ગુંદાળા ગામની રિયા સાથે ભાગીને લગ્ન કર્યા હતા. આ લગ્નના સર્ટિફિકેટ નકલી હોવા બાબતે ગોંડલ પોલીસ મથકે અગાઉ ગુનો પણ નોંધાયો હતો. આ દરમિયાન ગત તા. ૨૦/૦૩/૨૦૨૬ની રાત્રિએ જ્યારે ફરિયાદીનો પરિવાર ઘરે હાજર હતો, ત્યારે હથિયારો સાથે આવેલા ચાર શખ્સોએ આતંક મચાવ્યો હતો.આરોપી બાબુભાઈ મકવાણા લોખંડના પાઈપ સાથે અને તેમની સાથે અન્ય ત્રણ અજાણ્યા શખ્સો ધારીયા અને લાકડાના ધોકા જેવા જીવલેણ હથિયારો લઈ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર રીતે ઘૂસી ગયા હતા. બાબુભાઈએ તેમને માથાના ભાગે લોખંડનો પાઈપ ફટકારતા ગંભીર ઈજા થઈ હતી, જેમાં ફરિયાદીને ચાર ટાંકા આવ્યા હતા. સાહેદ હેતલબેનને પણ હાથના અંગૂઠા પર ઈજા પહોંચાડવામાં આવી હતી, જ્યારે પરિવારના અન્ય સભ્યોને મૂઢ માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરો જતા-જતા રિયાને પોતાની સાથે લઈ ગયા હતા અને તેમને તેમજ તેના દીકરા નિકુંજને ધમકાવતા ગયા હતા કે, જો પાછળ આવ્યા છો તો આજે તો જીવતા જવા દઈએ છીએ, પણ હવે પછી આવીશું તો જાનથી મારી નાખીશું તેમ કહી ગાળો આપીને હથિયારો લહેરાવીને આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

# લાઠીના જરખીયા ગામેથી રામ-લક્ષ્મણ-જાનકીની જર્મન ધાતુની મૂર્તિની ચોરી

**કુલ રૂા. ૧,૬૬,૦૦૦ ની ચોરીથી ચકચાર**

લાઠી, તા.૨૨

લાઠીના જરખીયા ગામે રામ-લક્ષ્મણ-જાનકીની જર્મન ધાતુની મૂર્તિ સહિત કુલ રૂ. ૧,૬૬,૦૦૦ની ચોરી થઈ હતી. આ અંગે ગોરધનભાઈ ખોડાભાઈ આસોદરીયા (ઉ.વ.૬૦)એ અજાણ્યા ચોર ઈસમે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરમાં ચોરે પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડા ૧,૪૧,૦૦૦૦ તથા રામ-લક્ષ્મણ-જાનકીની જર્મન ધાતુની મૂર્તિ અને સાહેદના ઘરમાંથી રોકડા ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૬૬,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે કે પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં યુવકને મારી સામે કેમ જોવે છે કહી ઢીકાપાટુ માર્યા

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

બગસરા, તા.૨૨

બગસરામાં નજીવી વાતમાં થયેલી માથાકૂટમાં બે પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. રાજદીપભાઈ મનુભાઈ પરમાર (ઉ.વ.૧૯)એ રેહાન ભીખાભાઈ પઠાણ, શબ્બીર પઠાણ, સુઝલ, બિલાલ શબ્બીર પઠાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તે બેઠો હતો ત્યારે રેહાન મોટર સાયકલ લઈને નીકળ્યો હતો. જેથી તેણે તેને મારી સામે કેમ જોવે છે તેમ કહી ઝઘડો કરીને જતો રહ્યો હતો.

જે બાદ ચારેય આરોપીએ આવીને ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. જે બાદ રેહાન ભીખુભાઈ પઠાણ (ઉ.વ.૧૮)એ રાજદિપભાઈ મનુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેને સાદ પાડીને બોલાવ્યો હતો. જેથી તેઓ તેની પાસે જતાં તેણે શું કામ મારી સામે કાતર મારીને જોવે છે તેમ કહ્યું હતું. જેથી તેણે હું તારી સામે જોતો નથી તેમ કહીને ત્યાંથી નીકળવા જતો હતો ત્યારે તું ઉભો રહ્યો છે તો પછી હવે બાધીને જવાય તેમ કહી ગાળો આપી હતી. તેમજ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી ડી કળસરીયા બંને કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના હામાપુર ગામે મકાન મુદ્દે કુટુંબીજનો બાખડ્યા

**લોખંડના પાઈપ અને લાકડાના બડીયાથી માર માર્યો**

બગસરા, તા.૨૨

બગસરાના હામાપુર ગામે મકાન મુદ્દે કુટુંબીજનોમાં થયેલો ડખો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. દિલીપભાઈ મગનભાઈ પડસુંદા (ઉ.વ.૩૬) એ પ્રતાપભાઈ મગનભાઈ પડસુંદા, બાવકુભાઈ મગનભાઈ પડસુંદા, મગનભાઈ પડસુંદા તથા રાજુભાઈ મગનભાઈ પડસુંદા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ મકાન બનાવતા હોવાથી આરોપીઓને સારું નહોતું લાગ્યું. જેનો ખાર રાખી લોખંડના પાઈપ અને લાકડાના બડીયાથી તેમને માર માર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી ડી વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવના વતની અને સામાજિક અગ્રણી પ્રેમજીભાઈ ડોબરીયાનું દુ:ખદ અવસાન

અમરેલી,તા.૨૨



અમરેલી જિલ્લાના કુંકાવાવ ગામના વતની અને અનેક જુદી જુદી સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા સ્વ. પ્રેમજીભાઈ ડોબરીયાનું દુઃખદ અવસાન થતા સમગ્ર વિસ્તારમાં ઘેરા દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે. અમરેલી ખાતે ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપી છે તેવા પ્રેમજીભાઈ ડોબરીયા ખોડલધામ ટ્રસ્ટ કાગવડમાં પણ ટ્રસ્ટી તરીકે સેવા આપતા હતા. આ ઉપરાંત લાયન્સ ક્લબ અમરેલી સીટીના પ્રમુખ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. આ ઉપરાંત પણ અનેક સેવાકીય સંસ્થાઓમાં તેમણે સેવાકીય યોગદાન આપ્યું હતું. તેમના માદરે વતન કુકાવાવ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા જેમાં મોટી સંખ્યામાં સામાજિક આગેવાનો અને સ્નેહીજનો જોડાયા હતા અને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા પાસે પ્રૌઢને ટક્કર મારી ચાલક ફરાર

**અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો**

અમરેલી, તા.૨૨

અમરેલીમાં ભારતનગર કુંકાવાવ જકાતનાકા પાસે પ્રૌઢને ટક્કર મારી ચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે યુસુફભાઈ ગનીભાઈ ચૌહાણ (ઉ.વ ૬૭) એ અજાણ્યા મોટર સાયકલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની સાયકલ ચલાવી ઘરે ભારતનગર જતા હતા ત્યારે રોડ ક્રોસ કરી ભારતનગર સાઈડ ઢાળ ઉતરતા કુકાવાવ જકાતનાકા સાઈડથી આવેલા અજાણ્યા મોટર સાયકલ ચાલકે ટક્કર મરી હતી. જેમાં તેમને ફ્રેક્ચરની ઈજા થઈ હતી.

અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સલીમ હનીફભાઈ ભટ્ટી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના રફાળા ગામે મહિલાએ મહિલા પર બેટથી હુમલો કર્યો

બગસરા, તા.૨૨

બગસરાના રફાળા ગામે મહિલાએ મહિલા પર બેટથી હુમલો કર્યો હતો. ચંપાબેન મનસુખભાઈ ચૌહાણ (ઉ.વ.૫૫)એ કાજલબેન જીલાભાઈ ચૌહાણ, ભીખાભાઈ મેઘાભાઈ ચૌહાણ તથા જીલાભાઈ ભીખાભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાના ઘરે બોલતા હતા અને આ કામના આરોપીઓને ઉંધુ સમજાતા કાજલબેન ચૌહાણ હાથમાં બેટ લઈને આવ્યા હતા. તેમજ અન્ય બંને આરોપીઓ લાકડીઓ લઈ આવ્યા હતા. તેમના શરીરે મુંઢ માર મારી જેમ ફાવે તેમ ગાળો બોલી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**બગસરા પોલીસ સ્ટેશન દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ પાંચમ
તા.૨૩-૦૩-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૪૪,
સૂર્યાસ્ત-૦૬:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ કૃતિકા

## દૈનિક રાશિફળ

**તા.૨૩-૦૩-૨૦૨૬ સોમવાર**

- મેષઃ આજનો દિવસ પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.
- વૃષભઃ તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો.
- મિથુનઃ આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.
- કર્કઃ આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.
- સિંહઃ આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.
- કન્યાઃ આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.
- તુલાઃ આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે.
- વૃશ્ચિકઃ રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.
- ધનઃ આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.
- મકરઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.
- કુંભઃ કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.
- મીનઃ આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે.

# સાવરકુંડલા ઓમકાર કેળવણી ટ્રસ્ટ દ્વારા પક્ષી કુંડાનું વિનામૂલ્યે વિતરણ

સાવરકુંડલા,તા.૨૨



સાવરકુંડલાની મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલય દ્વારા સતત ચોથા વર્ષે જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ વર્ષે સંસ્થા દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૦૦થી વધુ માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. દિનેશભાઈ દાવડા અને પ્રો. કે.કે. જાની સાહેબના આર્થિક સહયોગથી આ ભગીરથ કાર્ય સંપન્ન થયું છે. પ્રો. જાનીએ નાગરિકોને અપીલ કરી છે કે પર્યાવરણના રક્ષણ માટે દરેક વ્યક્તિ પોતાના આંગણે એક કુંડું અચૂક રાખે. શાળાના ભૂલકાઓએ પોતે આ વિતરણમાં જોડાઈને પર્યાવરણ જતનના સંસ્કારો મેળવ્યા છે. ભીષણ ગરમીમાં પક્ષીઓની તરસ છિપાવવા ઈચ્છતા પક્ષીપ્રેમીઓ સંસ્થાના સંપર્ક નંબર ૯૯૭૯૭ ૪૧૦૬૧ પર ફોન કરીને વિનામૂલ્યે કુંડા મેળવી શકે છે.

# જિલ્લામાંથી ૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૫ પ્યાસી ઝડપી પાડ્યા હતા. જાફરાબાદ કામનાથ મંદિર, ડુંગર ગામે કલ્યાણનગર, નેસડી ગામ,અમરેલી, સાવરકુંડલામાંથી ૧-૧ મળી કુલ ૫ પ્યાસી પકડાયા હતા. અમરેલીથી વરૂડી જગુપુલ પાસેથી મહિલાના રહેણાંક મકાનેથી ૩ લીટર તથા ચિતલ ગામેથી પણ એક મહિલાના રહેણાંક મકાનેથી ૨ લીટર મળી કુલ ૫ લીટર દેશી પીવાનો દારૂ પકડાયો હતો.

# રાજુલાના ઝાંઝરડા ગામેથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી

રાજુલા, તા.૨૨

રાજુલાના ચાંચરડા ગામેથી એક પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે મૂળ મહુવાના વાંગર તાલુકાના અને હાલ ઝાંઝરડા ગામે વાડીએ રહેતા ઘઘાભાઈ મોહનભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની દક્ષાબેન (ઉ.વ.૩૭) ઘરેથી કોઈને જાણ કર્યા વગર પોતાની રીતે ક્યાંક જતી રહી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી કે ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં રમજાન ઈદની અનોખી ઉજવણી: પક્ષીઓ માટે માળા અને પાણીના કુંડાનું વિતરણ

બાબરા, તા.૨૨



બાબરામાં મુસ્લિમ એકતા મંચના આગેવાન હારુનભાઈ મેતર દ્વારા રમજાન ઈદના પવિત્ર તહેવારની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પક્ષીઓ માટે માળા તેમજ પીવા માટેના પાણીના કુંડા વિતરણ કરીને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને જીવદયાનો સંદેશ આપવામાં આવ્યો હતો. હિન્દુ-મુસ્લિમ એકતાના હિમાયતી હારુનભાઈ મેતરએ આ કાર્ય દ્વારા સમાજમાં સૌહાર્દ અને સહઅસ્તિત્વનો ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ સલીમભાઈ અગવાન, ઉપપ્રમુખ સૈયદ સોહેબ બાપુ, રહીમભાઈ અજમેરી, રાજુભાઈ (સહયોગ હોટલ), હનીફભાઈ માસ્તર, પિયુષભાઈ, દલપતભાઈ, વસંતસ્વામી, ઉમેદભાઈ મેતર, હારુનભાઈ પરમાર, ઈરફાનભાઈ ગોગદા સહિત મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામ ખાતે જરૂરિયાતમંદ લોકો માટે છાસ કેન્દ્રનો પ્રારંભ

ચલાલા તા.૨૨



ચલાલામાં ગાયત્રી સંસ્કાર ધામ ખાતે સેવા, સંસ્કાર, આરોગ્ય, પશુસેવા, સમૂહ લગ્ન જેવી પ્રવૃતિઓ અખંડ ચાલી રહી છે. ઉનાળાની શરૂઆત થઇ ગઈ છે જેના ભાગરૂપે છાસનું વિતરણ શરુ કરેલ છે. પ.પૂ. ડૉ. રતિદાદાએ જણાવ્યું કે છાશ માત્ર તાજગી આપતું પીણું જ નહીં, પરંતુ આરોગ્ય માટે પણ ખૂબ લાભદાયક છે. ઉનાળાની ઋતુમાં શરીરમાં પાણીની કમીને દૂર કરવા માટે છાશ ઉત્તમ વિકલ્પ છે. આ સેવા દ્વારા લોકોમાં આરોગ્ય જાગૃતિ વધારવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ છાસ કેન્દ્ર માર્ચ, એપ્રિલ, મે, એમ ત્રણ મહિના ચાલશે અને અનેક લોકો આ સેવા કાર્યનો લાભ લેશે. છાશ વિતરણ કેન્દ્ર સવારે ૭.૦૦ વાગ્યાથી ૭:૩૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ છાસ કેન્દ્રમાં આસપાસના વિસ્તારમાં ૫૦ જેટલા જરૂરિયાતમંદ કુટુંબોના ૨૫૦ જેટલા લોકો આ છાસ કેન્દ્રનો લાભ લઈ રહ્યા છે. આ કેન્દ્રમાં માર્ચ માસનો આર્થિક સહયોગ અતુલભાઈ મોનજીભાઈ તન્ના (યુ.કે.) હ. ઉર્મિલાબેન તરફથી મળેલ છે.

## તંત્રી લેખ

# ટેક્નોલોજીને કારણે યુવાનોમાં વધતું નિરાશાનું વલણ

આજના ડિજિટલ યુગમાં કિશોરો અને યુવાનોના મન પર સૌથી વધુ પ્રભાવ પાડનારી શક્તિ જો કોઈ હોય તો તે છે ટેક્નોલોજી, ખાસ કરીને સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI). સાયકોલોજીની દૃષ્ટિએ જોવામાં આવે તો ટીનએજર્સનું મગજ હજુ વિકાસના તબક્કામાં હોય છે, જ્યાં ભાવનાઓ, ઉત્સુકતા અને ઓળખ બનાવવાની પ્રક્રિયા ચાલુ હોય છે. આ વયમાં વ્યક્તિ ખૂબ જ અસરગ્રસ્ત અને સંવેદનશીલ હોય છે. AI આધારિત અલ્ગોરિધમ્સ સોશિયલ મીડિયા પર એવી સામગ્રી આગળ ધપાવે છે જે વ્યક્તિને વધુ સમય સુધી સ્ક્રીન સાથે જોડાયેલી રાખે. પરિણામે, કિશોરો વારંવાર એક જ પ્રકારની સામગ્રી જેમ કે ગેમિંગ, હિંસા અથવા ડિપ્રેશન સાથે જોડાયેલા વીડિયો જોતા રહે છે, જે તેમના મગજ પર ઊંડો પ્રભાવ પાડી શકે છે. આંકડાઓ દર્શાવે છે કે ભારતમાં કિશોરો અને યુવાનોમાં આત્મહત્યાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ૧૪ થી ૧૯ વર્ષની વય જૂથમાં ઉદાસી, ગુસ્સો અને નિરાશા જેવી લાગણીઓ વધુ તીવ્ર હોય છે. આ વયમાં લીધેલા નિર્ણયો ઘણીવાર ક્ષણિક ભાવનાઓના પ્રભાવ હેઠળ હોય છે, જેના પરિણામે ગંભીર પગલાં લેવામાં આવે છે. ખાસ કરીને મોબાઈલ ગેમ્સ અને વર્ચ્યુઅલ દુનિયામાં વધુ સમય વિતાવવાથી વાસ્તવિક જીવનથી દુરાવ વધે છે. પરંતુ આ પરિસ્થિતિમાં માત્ર ટેક્નોલોજીને જવાબદાર ઠેરવવી યોગ્ય નથી. સમાજ અને પરિવારની ભૂમિકા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. આજના સમયમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા લગભગ ખતમ થઈ ગઈ છે, જેના કારણે બાળકોને મળતી ભાવનાત્મક સહાય ઘટી ગઈ છે. માતાપિતા વ્યસ્ત જીવનશૈલીને કારણે બાળકો સાથે પૂરતો સમય વિતાવી શકતા નથી. પરિણામે, બાળકો પોતાની સમસ્યાઓ સાથે એકલા જ સંઘર્ષ કરે છે. આ સમસ્યાનો ઉકેલ શોધવા માટે સૌપ્રથમ જરૂર છે સંવાદની. માતાપિતા, શિક્ષકો અને મિત્રો એવો માહોલ બનાવે કે જેમાં બાળક નિર્ભયતાથી પોતાની વાત કહી શકે. પ્રેમ અને સમજણથી ભરેલો એક નાનો પ્રશ્ન ‘‘કેમ છે બેટા?’’ પણ બાળક માટે મોટો સહારો બની શકે છે. લાગણીસભર સ્પર્શ, પ્રોત્સાહન અને વિશ્વાસ બાળકોમાં આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે. સરકાર અને વિવિધ સામાજિક સંસ્થાઓ પણ આ દિશામાં પ્રયત્નશીલ છે. શાળાઓ અને કૉલેજોમાં કાઉન્સેલિંગ કાર્યક્રમો, હેલ્પલાઈન અને જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. ઈમરજન્સી સ્થિતિમાં ૧૧૨ જેવી હેલ્પલાઈન તાત્કાલિક સહાય માટે ઉપલબ્ધ છે. લાયન્સ, રોટરી અને અન્ય સંસ્થાઓ દ્વારા પણ માનસિક આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આપઘાત જેવી ગંભીર સમસ્યા સામે લડવા માટે માત્ર નીતિઓ પૂરતી નથી, પરંતુ સમાજના દરેક વ્યક્તિએ પોતાની જવાબદારી સમજવી જરૂરી છે. બાળકોને સમજવા, તેમની લાગણીઓને માન આપવા અને યોગ્ય માર્ગદર્શન આપવું એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે. જો આપણે સમયસર ધ્યાન આપીએ, તો અનેક જીવ બચાવી શકાય છે. આપણે સૌએ મળીને એવો સમાજ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ જ્યાં કોઈ પણ વ્યક્તિ નિરાશામાં એકલો ન પડે અને જીવનને આશાની દૃષ્ટિએ જોઈ શકે.

# યુધ્ધને કારણે સમુદ્રી કેબલ પર જોખમ વધતું જાય છે, ઇન્ટરનેટ ગાયબ થઈ શકે છે

**આજના સમયમાં ઈન્ટરનેટ આપણા જીવનનો એક અગત્યનો ભાગ બની ગયો છે. મોબાઇલ ફોન, બેન્કિંગ, ઓફિસનું કામ, ઓનલાઇન અભ્યાસથી લઈને મનોરંજન સુધી દરેક ક્ષેત્ર ઈન્ટરનેટ પર નિર્ભર છે. જો થોડા સમય માટે પણ ઈન્ટરનેટ બંધ થઈ જાય તો સામાન્ય જીવનમાં ખલેલ પડે છે. હાલમાં ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલા તણાવને કારણે માત્ર તેલ અને LPG પૂરવઠા પર જ નહીં, પરંતુ ઈન્ટરનેટ જેવી મહત્વપૂર્ણ સેવા પર પણ ખતરો ઊભો થયો છે.**

**પ્રાસંગિક — સુરેશ દેસાઈ**

મધ્ય પૂર્વમા ભયાનક યુધ્ધ ને કારણે એલપીજી સહિતની પેટ્રોલિયમ પેદાશ ઉપર ખતરો ઊભો થયો છે તો બીજી બાજુ હવે ઈન્ટરનેટ ઉપર જોખમ ટોળાયેલું છે.ખાસ કરીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિસ્તારમાં જો દરિયાઈ કેબલોને નુકસાન થાય તો તેનો પ્રભાવ ભારત સહિત સમગ્ર વિશ્વ પર પડી શકે છે.

ગલ્ફ વિસ્તારમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે પરિસ્થિતિ ગંભીર બની રહી છે. આ વિસ્તારમાંથી વિશ્વના મોટા ભાગના તેલનો વેપાર થાય છે, જેના કારણે પહેલાથી જ LPG જેવી ચીજોની અછત જોવા મળી રહી છે. જોકે હવે એક નવી ચિંતા ઊભી થઈ છે કે જો આ તણાવ વધુ વધી જશે, તો દરિયાની અંદર બિછાવેલી ઈન્ટરનેટ કેબલોને પણ નુકસાન થઈ શકે છે. આ કેબલો દુનિયાભરના દેશોને એકબીજા સાથે જોડે છે અને સમગ્ર ડિજિટલ સિસ્ટમનો આધાર છે.


સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને લાલ સમુદ્ર જેવા વિસ્તારો માત્ર વેપાર માટે જ મહત્વપૂર્ણ નથી, પરંતુ આ વિસ્તારોમાંથી ઈન્ટરનેટની મુખ્ય લાઈનો પણ પસાર થાય છે. આ દરિયાઈ માર્ગો સાંકડા હોવાથી અહીં કેબલોને નુકસાન પહોંચાડવું તુલનાત્મક રીતે સરળ છે. રિપોર્ટ્સ મુજબ, લાલ સમુદ્રમાંથી લગભગ ૧૭ જેટલી સબમરીન કેબલો પસાર થાય છે, જે યુરોપ, એશિયા અને આફ્રિકાને જોડે છે. એ જ રીતે, હોર્મુઝ વિસ્તારમાં પણ વિશ્વની અગ્રણી કંપનીઓની કેબલ સિસ્ટમો સ્થાપિત છે.

આ કેબલોમાં AAE-૧, FALCON, ગલ્ફ બ્રિજ ઈન્ટરનેશનલ અને ટાટા TGN ગલ્ફ જેવી મહત્વપૂર્ણ સિસ્ટમો સામેલ છે. આ કેબલો દ્વારા મોટા દેશો વચ્ચે ડેટા ટ્રાન્સફર થાય છે અને મોટી ટેક કંપનીઓ જેમ કે Amazon, Microsoft અને Googleના ડેટા સેન્ટર્સ પણ આ જ માર્ગથી જોડાયેલા છે. એટલે કે, જો આ કેબલોને નુકસાન થાય, તો માત્ર સામાન્ય યુઝર્સ જ નહીં પરંતુ મોટી કંપનીઓ અને વૈશ્વિક અર્થતંત્ર પણ અસરગ્રસ્ત થઈ શકે છે.

હોર્મુઝનો વિસ્તાર ખાસ કરીને નાજુક માનવામાં આવે છે. અહીં કેટલાક સ્થળોએ સમુદ્રની ઊંડાઈ માત્ર ૨૦૦ ફૂટ જેટલી છે, જે કેબલોને વધુ જોખમમાં મૂકે છે. જો કોઈ દુશ્મન દેશ કે જૂથ ઈચ્છે તો આ કેબલોને નિશાન બનાવી શકે છે. હાલમાં વિસ્તારમાં દરિયાઈ માઈન્સ બિછાવવાના સમાચાર પણ સામે આવ્યા છે, જેના કારણે જહાજોની અવરજવર મુશ્કેલ બની ગઈ છે. જો આવી પરિસ્થિતિમાં કેબલ તૂટી જાય, તો તેને ઠીક કરવું અત્યંત મુશ્કેલ બની શકે છે.

દરિયાઈ ઈન્ટરનેટ કેબલોને ઠીક કરવા માટે વિશેષ પ્રકારના જહાજોની જરૂર પડે છે. પરંતુ યુધ્ધ જેવી પરિસ્થિતિમાં આ જહાજોને ત્યાં મોકલવું જોખમી બની જાય છે. પરિણામે, કેબલ રિપેર થવામાં લાંબો સમય લાગી શકે છે. આ દરમિયાન ઈન્ટરનેટ સેવા ધીમી પડી શકે છે અથવા સંપૂર્ણપણે બંધ થઈ શકે છે. આ સ્થિતિ માત્ર એક દેશ માટે નહીં પરંતુ અનેક દેશો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

ભારત માટે આ મુદો વધુ ગંભીર બની શકે છે કારણ કે ભારતના અનેક ઈન્ટરનેટ કનેક્શન મધ્ય પૂર્વના આ જ માર્ગો પરથી પસાર થાય છે. ખાસ કરીને ટાટા TGN ગલ્ફ જેવી કેબલો ભારતને યુરોપ અને અન્ય દેશો સાથે જોડે છે. જો આ કેબલોમાં ખામી આવે, તો ભારતની ઈન્ટરનેટ સ્પીડ પર સીધી અસર પડશે. બેન્કિંગ સેવાઓ, ઓનલાઈન ટ્રાન્ઝેક્શન, IT કંપનીઓનું કામ, સ્ટોક માર્કેટ અને ડિજિટલ સેવાઓ બધું જ પ્રભાવિત થઈ શકે છે.




આજના સમયમાં ભારત ડિજિટલ અર્થતંત્ર તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. સરકારી સેવાઓથી લઈને ખાનગી ક્ષેત્ર સુધી બધું ઓનલાઈન થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં ઈન્ટરનેટમાં ખલેલ પડવાથી દેશની અર્થવ્યવસ્થાને મોટો ફટકો લાગી શકે છે. ખાસ કરીને IT અને સર્વિસ સેક્ટર, જે ભારતની અર્થવ્યવસ્થાનો મહત્વપૂર્ણ ભાગ છે, તે ગંભીર રીતે અસરગ્રસ્ત થઈ શકે છે.

આ ઉપરાંત, સામાન્ય લોકોના જીવન પર પણ તેનો પ્રભાવ પડશે. ઓનલાઈન ક્લાસીસ, કામ, મનોરંજન, સોશિયલ મીડિયા અને કોમ્યુનિકેશન બધું જ મુશ્કેલ બની જશે. લોકો વચ્ચેનો સંપર્ક ઘટી શકે છે અને માહિતીનો પ્રવાહ ધીમો પડી શકે છે. આથી, ઈન્ટરનેટની સલામતી અને સુરક્ષા હવે રાષ્ટ્રીય સુરક્ષાનો પણ મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે.

આ પરિસ્થિતિમાં ભારતે પહેલેથી જ સાવચેતીના પગલાં લેવા જરૂરી છે. વિકલ્પ રૂપે અન્ય માર્ગોથી ઈન્ટરનેટ કનેક્ટિવિટી મજબૂત કરવી જોઈએ. સેટેલાઈટ ઈન્ટરનેટ જેવી નવી ટેકનોલોજીનો ઉપયોગ વધારવો જોઈએ જેથી દરિયાઈ કેબલો પરનો નિર્ભરતા ઘટે. સાથે જ, આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર વધારવો પણ જરૂરી છે જેથી આ પ્રકારના જોખમોનો સામનો કરી શકાય.

સમાપન તરીકે કહી શકાય કે ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલા તણાવનો પ્રભાવ હવે માત્ર ઊર્જા ક્ષેત્ર સુધી મર્યાદિત નથી રહ્યો. ઈન્ટરનેટ જેવી મહત્વપૂર્ણ સેવા પણ તેની ઝપેટમાં આવી શકે છે. જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં કેબલોને નુકસાન થાય, તો તેનો પ્રભાવ સમગ્ર વિશ્વ પર પડશે અને ભારત પણ તેની બહાર નહીં રહે. તેથી, સમયસર પગલાં લેવા અને વૈકલ્પિક વ્યવસ્થાઓ ઉભી કરવી અત્યંત જરૂરી બની ગઈ છે.

# સાચી તપસ્યા - જીવનને ઉજાસ આપતી આંતરિક યાત્રા

**મનન ચિંતન — ભરત બાવીશી**



આજના યુગમાં ‘‘તપસ્યા’’ શબ્દ સાંભળતા જ આપણાં મનમાં જંગલમાં બેસેલા સાધુ, ઉપવાસ અને કઠોર સાધના જેવા દ્રશ્યો ઉભા થાય છે. પરંતુ ખરેખર જોવામાં આવે તો સાચી તપસ્યા બહારની નથી, પરંતુ અંદરની છે. તે મનને સંયમમાં રાખવાની, વિચારને શુધ્ધ બનાવવાની અને વર્તનમાં સદાચાર લાવવાની એક સતત પ્રક્રિયા છે. સાચી તપસ્યા એટલે માત્ર ઉપવાસ, જપ કે યોગની કઠિન ક્રિયાઓ નથી. તે તો મન, વિચાર અને વર્તનને શુધ્ધ બનાવવાની એક આંતરિક પ્રક્રિયા છે. બહારથી સાધુ દેખાવું સરળ છે, પણ અંદરથી નિર્મળ બનવું એ જ સાચી તપસ્યા છે.

**तपस्या केवल नदी किनारे, पहाड़ों की गोद में या गुफाओं में बैठकर करने का नाम नहीं है। जो भी काम हम पूरे मन और बुद्धि से, पूर्ण समर्पण के साथ करते हैं। वही तपस्या कहलाती है।**

આજના સમયમાં માણસ ભાગદોડમાં એટલો વ્યસ્ત થઈ ગયો છે કે પોતાને મળવાનો સમય નથી. તપસ્યા એ પોતાને ઓળખવાનો માર્ગ છે. જ્યારે આપણે પોતાના સ્વભાવને, ખામીઓને અને ગુણોને નિષ્પક્ષ રીતે જોવાનું શરૂ કરીએ છીએ, ત્યારે સાચી તપસ્યા શરૂ થાય છે.

સાચી તપસ્યા એ છે કે માણસ પોતાના દુર્ગુણો સામે લડે અને સદગુણોને અપનાવે.તપસ્યાનો સાચો અર્થ જીવનમાંથી સ્પર્શતા ઉદાહરણો જોઈએ તો,

**૧. ક્રોધ પર નિયંત્રણ રાખવું એક સાચી તપસ્યા:** એક શિક્ષકને વિદ્યાર્થીઓએ ગેરસમજથી અપમાનિત કર્યો. તેમને ગુસ્સો આવ્યો, પરંતુ તેમણે શાંતિથી વાત કરી અને પ્રેમથી સમજાવ્યું. અહીં ગુસ્સાને દબાવવો નહીં, પરંતુ તેને સંયમમાં રાખવો એ તપસ્યા છે.

**૨. લોભ સામે સંતોષરૂપી તપસ્યાનો માર્ગ:** એક વેપારી પાસે વધારે કમાણી કરવાની તક હતી, પણ તેમાં છેતરપિંડી કરવી પડતી. તેણે તે તક છોડી દીધી અને ઈમાનદારીથી કામ ચાલુ રાખ્યું.આમ આર્થિક નુકસાન સહન કરીને પણ સચ્ચાઈ જાળવવી એ તપસ્યા છે.

**૩. સેવા ભાવ તપસ્યાનું ઉત્તમ રૂપ:** એક યુવાન દર અઠવાડિયે ગરીબોને ભોજન કરાવે છે. તે પોતાના આરામનો ત્યાગ કરીને બીજાના સુખ માટે જીવતો રહે છે. પોતાના સુખને પાછળ મૂકી બીજાનું કલ્યાણ કરવું એ સર્વોત્તમ તપસ્યા છે.

**૪. અહંકાર છોડવો એ આંતરિક વિજય:** એક અધિકારી ઊંચા પદ પર હોવા છતાં સૌને નમ્રતાથી મળે છે. તે પોતાના સ્થાનનું અભિમાન બતાવતો નથી, પરંતુ સેવા કરે છે. અહીં અહંકાર છોડવો એ સૌથી મોટી તપસ્યા છે.

● પ્રકૃતિમાંથી મળતો પાઠઃ વૃક્ષો ગરમીમાં પણ છાંયો આપે છે, નદીઓ સતત વહે છે અને બીજાનું કલ્યાણ કરે છે. પ્રકૃતિ કહે છે કે ‘‘આપવું એ જ સાચી તપસ્યા છે.’’ પ્રકૃતિ આપણને તપસ્યાનો સાચો પાઠ ભણાવે છે. વૃક્ષો ગરમી-ઠંડી સહન કરીને પણ બીજાને છાંયો આપે છે, નદીઓ પોતાના માટે નહીં પણ બીજાના કલ્યાણ માટે વહે છે. તેમ જ, જે જીવન બીજાના સુખ માટે જીવે છે, તે જીવન જ તપસ્યામય બને છે.

આપણે રોજ પોતાને પૂછવું જોઈએ કે શું આજે મેં કોઈ પર ગુસ્સો કાબૂમાં રાખ્યો? શું મેં કોઈને મદદ કરી? શું મેં સત્યનો માર્ગ અપનાવ્યો? જો આ પ્રશ્નનો જવાબ ‘‘હા’’ હોય, તો સમજવું કે આપણે સાચી તપસ્યાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આમ સાચી તપસ્યા કોઈ જંગલ કે ગુફામાં નથી, તે તો આપણા રોજિંદા જીવનમાં જ છે. ઘરમાં, કાર્યસ્થળે, સમાજમાં દરેક જગ્યાએ આપણે તેને સાથે રાખીને જીવી શકીએ છીએ.આ બધું કરવું સહેલું નથી, પણ એ જ સાચી સાધના છે. ઉપવાસ કરવો સરળ છે, પરંતુ મનના દુર્ગુણોને છોડવા માટે જે હિંમત જોઈએ, એ જ તપસ્યા છે.સાચી તપસ્યા કોઈ એક દિવસની ક્રિયા નથી, પરંતુ જીવનભરની પ્રક્રિયા છે. તે સતત પ્રયત્ન, આત્મવિશ્વાસ અને સંયમથી સિધ્ધ થાય છે. અંતમાં કહી શકાય કે ‘‘મનને જીતવું એ સૌથી મોટી તપસ્યા છે.’’ બહારની જીત કરતા અંદરની જીત વધારે મહત્વપૂર્ણ છે, કારણ કે ત્યાંથી જ જીવનમાં શાંતિ, સંતોષ અને સાચો આનંદ જન્મે છે. જ્યારે માણસ પોતાને જીતી જાય છે, ત્યારે જીવનમાં શાંતિ, સંતોષ અને સચ્ચો આનંદ આપમેળે પ્રાપ્ત થાય છે.

**‘‘જે વ્યક્તિ પોતાને જીતી જાય છે, તેને દુનિયા જીતવાની જરૂર રહેતી નથી. ‘‘મનને જીતવું એ સૌથી મોટી તપસ્યા છે.’’**

**“તપસ્યા એ ઉપવાસમાં નહીં, પણ સ્વભાવમાં દેખાય છે, જ્યાં મન શાંત થાય, ત્યાં જ ઈશ્વર દેખાય છે. બીજાના સુખમાં પોતાનું સુખ શોધી લે જે, એ જ સાચી તપસ્યાનો માર્ગ અપનાવે છે.”**

# ભૂલો સુધારી આગળ વધે એજ સફળ બની શકે

**ઝાકળનું એક બિંદુ — હિરેન હિરપરા**



આણંદ જિલ્લો એટલે શ્વેત ક્રાંન્તીની પહેલ સાથે જોડાયેલો જિલ્લો છે. એક દિકરીના જન્મ પછી પિતાની ઈચ્છા ભણાવી ગણાવીને સારા વકીલ બનાવવાની વિદેશ મોકલવાની હતી. પરંતુ માણસની સઘળી ઈચ્છાઓ ઈશ્વર પાસે મિથ્યા છે. આવું જ કંઈક બન્યું આણંદ જિલ્લાના અજરપૂરા ગામના મહિલા ગાયત્રીબેન રીતેશ કુમાર પટેલ સાથે, બી.કોમ. સુધીના અભ્યાસ છે. ગાયત્રી બહેન પોતાની સફળતાની વાત કરતા કહે છે. મારા લગ્ન પછી પરિવાર સાથે યાત્રાએ ચાલીને જતા હતા એ દરમ્યાન મારા સસરાને ગંભીર અકસ્માત નડ્યો અને નજર સામે અવસાન થયું. આ આઘાતમાંથી અમારો પરિવાર વર્ષો સુધી બહાર ન નીકળી શક્યો આ આઘાતમાંથી બહાર આવવા કંઈક કરવાની તમન્ના સાથે તબેલો કરવો એવો વિચાર કર્યો એટલે આસપાસનું જાણીતું વર્તુળ કહે તમે કદી પશુઓને નિરણ નાખવી, પાણી આપવું કે ખાણદાણ આપવું વાસીદુ કરવું આ કર્યું નથી આથી તમારૂં કામ નહીં, પણ હિંમ્મત હાર્યા વિના જગ્યા ભાડે રાખીને ૫ વાછરડીથી શરૂઆત કરી ૩૦ ગાયો અને જર્સી ગાયો સાથે ૮૦ ગાયો સુધી ડેરી ફાર્મ ઉભુ કર્યું અને દુધના વ્યવસાયમાં ખુબ સારી સફળતા મેળવી લીધી . ગયા વર્ષે નદીના પાણી તબેલામાં ગોઠણ સમા ઘુસી ગયા ત્યારબાદ ગાયો બીજા લોકોને આપી દીધી હવે ફરીથી આધુનિક ડેરી ફાર્મ બનવવાની તૈયારી ગાયત્રીબેન કરી રહ્યા છે. ગાયત્રીબેન કહે છે. અનુભવ જ પોતાનો સાચો ગુરૂ છે. જે ગુરૂ ક્યારેય ન બતાવે તે અનુભવ બતાવે છે. અજરપુરા ડેરીના ચેરમેન બન્યા બાદ પશુપાલકોનું હિત જોયું તેઓને મદદ કરતા થયા. ચાલુ વર્ષે પશુપાલકોને ૨૫ ટકા બોનસ મળશે જે મોટી સિધ્ધી છે.



વ્યક્તિ આત્મ નિર્ભર બનવા માટે પ્રયત્ન કરે છે. તો પશુઓને પણ આત્મ નિર્ભર બનાવવામાં આવે તો તેને સારો ખોરાક અને સાચવણી કરી શકાય. કોવીડના સમયમાં વિચાર આવ્યો કે પશુ દુધ આપે છે જ્યારે છાણમાંથી ગેસ બનાવવામાં આવે તો ઘરે ગેસના બાટલાનો ખર્ચ રહે નહીં. સ્તરી ખાતરમાં વપરાય, ઉપરાંત જીવામૃત, ઘન જીવામૃત બનાવી શકાય આ ઉપરાંત દેશી ગાયના છાણમાંથી વિવિધ વસ્તુઓ બનાવવા માટે રામકૃષ્ણ ટ્રસ્ટ કુંકમા ખાતે ટ્રેનીંગ લઈને ધૂપબતી, વિવિધ મુર્તિઓ, શો-પીસ જેવી વસ્તુઓ અને પંચ ગવ્યની ટ્રેનીંગ થકી હેર ઓઈલ, ફેશપેક, દંત મંજન જેવી વસ્તુઓ બનાવીને દુધના વેચાણ કરતા આ વસ્તુમાંથી વધારે સારી કમાણી ગાયત્રીબેન કરી લે છે. મશરૂમ ફાર્મીંગ પણ શરૂ કર્યું છે. તેમા સફળતા નિષ્ફળતા વચ્ચે મશરૂમનો પાવડર, ખાખરા, થેપલા વિગેરેમાં મશરૂમનો ઉપયોગ કરીને વેલ્યુએડીશન કરવાની તૈયારી કરી રહ્યા છે. આ ઉપરાંત ૩૫૦ બોક્સ સાથે મધમાખી પાલન પણ ગાયત્રીબેન કરી રહ્યા છે. આમ કોઈ એક ક્ષેત્રમાં બેસી રહેવા કરતા સમયનો સદઉપયોગ કરીને વિવિધ વ્યવસાયો સાથે મહેનત થકી જોડાઈ રહ્યા છે. ગાયત્રીબેન કહે છે. જો તમારે કોઈપણ ક્ષેત્રમાં સફળ થવું હશે તો પુરી ઈમાનદારી સાથે કામ કરવું પડશે. અનુભવથી જ તમારે શીખવું પડશે. બાકી કોઈ સિધ્ધી સફળતા મળતી નથી અને મળે તો ટકતી નથી. વિવિધ વસ્તુઓ બનાવ્યા બાદ અમદાવાદની એક સંસ્થાએ ૫૦૦ કુંડાનો પ્રથમ ઓર્ડર આપ્યો એ દિવસો પણ ભૂલાતા નથી. ખરા અર્થમાં ઈમાનદારી સાથે સફળ થયેલા ગાયત્રીબેને અનેક એવોર્ડો પણ મેળવ્યા છે. ગાયત્રીબેનનો સંપર્ક નં. ૯૪૨૮૫ ૬૪૫૦૯ છે.

**:: તિખારો ::**

**નાક ભલે નાનું હોય પણ એક વખત કપાય એટલે આબરૂનું પાણી એમ વિશ્વાસ શબ્દ ભલે નાનો હોય પણ વ્યક્તિ ઉપરથી ભરોસો ઉડી ગયા પછી સંબધ સ્મશાનની રાખ સમા.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

| ક્રમ | જીવાતનું નામ | નિયંત્રણ |
|---|---|---|
| ૧ | પાન વાળનારી / બૈઢા ખાનારી ઈયળ | પ્રકાશ પીંજરનો ઉપયોગ કરવો. બીવેરીયા બેઝીયાના ૫ ગ્રામ અથવા લીંબોળીના મીંજનુ દ્રાવણ ૫ ગ્રામપ્રતિ લીટર પાણી અથવા કિવનાલફોસ ૨૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં નાંખી છંટકાવ કરવો. |
| ૨ | ગાંઠીયા માખી | ફોસ્ફામીડોન ૫ મી.લી. અથવા મીથાઈલ - ઓ- ડીમેટોન ૧૦ મી.લી. અથવા પ્રોફેનોફોસ ૨૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| ૩ | પાન કથીરી | ડાયકોફોલ ૧૬ મી.લી. અથવા દ્રાવ્ય ગંધક ૧૭ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છાંટવાથી નિયંત્રણ સારૂ મળે છે. |
| ૪ | ભુતીયુ ફુદ | ઉપદ્રવ ઓછો હોય તો ઈયળ હાથથી વીણી લેવી. ખેતરમાં પ્રકાશ પિંજર ગોઠવવું. મિથાઈલ પેરાથીઓન ૨ % ભુકી હેક્ટરે ૨૦ કિ.ગ્રા. પ્રમાણે છાંટવી. |
| ૫ | ઉભડામાં લાગતા કાળા ભુરા ચુસીયા | તલના ઉભડા ફરતે મિથાઈલ પેરાથીઓન ૨ % ભુકીનો છંટકાવ કરવો. ઉભડા ઉપર કોઈ પણ સંજોગોમાં દવા છાંટવી નહિ. સંગ્રહ સ્થળે ઉપદ્રવ જણાય તો ૫૦૦ કિ.ગ્રા. તલ દીઠ એલ્યુમિનિયમ ફોસ્ફાઈડનું ૫ ગ્રામનું એક પાઉંચ પ્રમાણે ફયુમીગેશન કરવું. |

**ઉનાળુ બાજરી:**

● સાંઠાની માખી અને ગાભમારાની ઈયળ

● પાકના ઉગાવા પછી ૩૦ દિવસે પ્રોફેનોફોસ + સાયપરમેથ્રીન મિશ્રણ કરી છંટકાવ કરવો

● (૧) બિયારણનો દર વધુ રાખી 'ડેડ હાર્ટ' વાળા છોડ દુર કરવા

●(૩) નિમાર્ક ૩૦ મીલી/૧૦ લી પાણીમાં બાજરીના ઉગાવા બાદ ૧૦ ૨૦ તથા ૩૦ દિવસે છંટકાવ કરવો

● (૪) નીમ ઓઈલ : લીંબોડીનુ તેલ ૦.૦૫ % અને સાબુ ૪ ગ્રામ/લી. પાણી સાથે બાજરીના ઉગાવા બાદ ૧૦ તથા ૨૦ દિવસે છંટકાવ કરવો

**મગફળી** : વાવેતર પછી જીવાત નિયંત્રણ ના પગલાઓ :

● જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યાંરે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૨૫ થી ૩૦ મી.લી. દવા પ્રતિ ૧૦ લીટર પાણીમાં મીશ્રણ કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે.

● ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. અથવા કવીનાલફોસ ૨૫ ઈ.સી. હેકટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારૂ નિયંત્રણ મળે છે.

ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનુ હોય ત્યોરે આ જીવાતના નિયંત્રણ કરવા માટે કલોરપાયરીફોસ ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યા રબાદ રેતી સુકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુખવી. ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવુ.

**મકાઈ:**

● સ્વીટ કોર્ન મકાઈ માટે માધુરી, અમેરિકન મકાઈ અથવા વિનઓરેન્જનું વાવેતર કરવું. અને રાસાયણિક ખાતર ૧૨૦-૬૦-૦ ના.-ફો.-પો. કિ.ગ્રા./હે. પ્રમાણે આપવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**તલ:** ગુચ્છપર્ણનો રોગ ઉનાળું તલમાં જોવા મળે છે. રોગની અસરવાળા પાન કીનારી નીચેની બાજુ ઢળી જઈ કોકડાઈ જાય છે. જેથી તેને પાનનો કોકડવા પણ કહે છે. ફુલ બેસવા સમયે ફુલનું પાનમાં રૂપાંતર થઈ જવાના કારણે પાનનો વિકૃત ગુચ્છ બને છે. જેથી બૈઢા બેસતા નથી. આ રોગ તડતડીયા નામની જીવાત થી ફેલાતો હોય છે. તડતડીયા નિયંત્રણ માટે ફોસ્ફામીડોન ૩ મી.લી.અથવા ડાયમીથોએટ ૧૦ મી.લી. દવા ૧૦ લીટરમાં પાણીમાં નાખી છંટકાવ કરવો. રોગીષ્ટ છોડને ઉપાડી નાશ કરવો.

**ડાંગર:**

● ઉનાળુ ડાંગરની રોપણી કરવા માટે પુષ્ઠ પિયત પધ્ધતિનો ઉપયોગ કરવો.

**શેરડી:**

● શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકા દળના પાળા ચઢાવવા અને પાંચમાં મહિને ભારે દળના પાળા ચઢાવવા અને છેવટના પાળા ચઢાવતા પહેલા રસાયણિક ખાતરનો જથ્થો પૂરો કરવો.

● શેરડીના ડુંખવેધક, ટોચવેધક, ભીંગડાવાળી જીવાત, ચીટકો તથા સફેદ માખીના સંયુક્ત નિયંત્રણ માટે રોપણી વખતે શોષક પ્રકારની દાણાદાર દવા કાર્બાફ્યુરાન ૩ જી. ૫૦ કિલોગ્રામ મુજબ પ્રતિ હેકટરે જમીનમાં ચાસમાં આપવી.

**ચોળી:**

**શાકભાજી:**

● લસણમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે ડાયમીથોયેટ ૩૦% ઈ.સી. અથવા મિથાઈલ- ઓ-ડીમેટોન ૨૫% ઈ.સી. પૈકી કોઈપણ એક દવાનો છંટકાવ કરવો.

● જી.ટી.-૭ ટમેટાની જાતનું વાવેતર કરવું.

● મરચી અને ટામેટામાં કોકડવાનાં નિયંત્રણ માટે કાર્બોફયુરાન ૩ જી દવા ૫ ગ્રામ / છોડ રીંગ પધ્ધતિથી આપવી.

અને રોગની શરૂઆત થાય ત્યારે ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લી. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**બાગાયતી પાકો:**

**નાળિયેરી :**

● નાળિયેરના નવા પાંદડા ટોચથી સુકાઈ રહ્યા છે, પીળા પડી રહ્યા છે અને મધ્ય ભાગમાં

આ લક્ષણો કાળા-ભૂરા ટપકા દેખાય તો સામાન્ય રીતે ૨ મુખ્ય કારણો દર્શાવે છે:

૧. બોરોન (મ્હિ)ની ખામી જે મુખ્ય કારણ છે, તેનાથી નવી કળી નબળી પડે છે અને ટોચથી સૂકાવાનું શરૂ થાય છે, પાન પર પીળા પટ્ટા બને છે અને બાદમાં કથ્થઈ (મુહિ) કલરના થાય છે.

૨. ફૂગજન્ય રોગ (**Early Leaf Blight**) પાંદડા પર નાના કાળા-ભૂરા ટપકા પડે છે અને પાનની ધાર કાળી થાય છે. જે શરૂઆતની ફૂગ અસર હોવાનું દેખાઈ રહ્યું છે.

**બોરોનની ઉણપ દૂર કરવા નિવારણ :**

-। બોરોનની ખામીની સારવાર સૌથી અગત્યની છે

● જમીનમાં **Broax** દરેક છોડમાં ૨૫–૪૦ ગ્રામ છોડથી ૧૦–૧૫ સેમી દૂર નાખવું.ત્યાર બાદ તરત સિંચાઈ કરવી જે વધુ અસરકારક છે.

-। પાન ઉપર ૦.૨% બોરિક એસિડ સ્પે ગ્રામ/લિટર) ૧૫ દિવસમાં ૨ વાર કરવો જે નવા પાનને ફરીથી સ્વસ્થ બનાવશે.

। **MgSo**, (એપ્સમ સોલ્ટ) ૧૦૦–૧૫૦ ગ્રામ અને યૂરિયા ૫૦–૭૫ ગ્રામ એકવાર નાખો ત્યાર બાદ ૨૫ દિવસ પછી ફરી ૧ વાર આપવું

ફૂગજન્ય રોગ માટે નિવારણ : કોપર ઑક્સીક્લોરાઈડ (**COC**) ૩ગ્રામ/લિટર સ્પ્રે અથવા મેન્કોઝેબ ૩ ગ્રામ/લિટર ૧૦–૧૨ દિવસના અંતરે ૨ છંટકાવ કરવા. તે ઉપરાંત છોડની આજુબાજુ પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી નહીં તો મૂળ નબળા પડશે.

**બોર:**

● પાક પૂરો થયા બાદ બોરના પાકને પિયત બંધ કરી આરામ આપવો.

પિયત પાક માટે કરકસરપૂર્વક ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું.

**લીંબુ:**

● જરૂરીયાત મુજબ ૫ થી ૬ દિવસે થડને પાણી ન લાગે તે રીતે પિયત આપતા રહેવું.

અને ઉપદ્રવની શરૂઆતમાં







લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો વધુ ઉપદ્રવ વખતે ઈમિડાકલોપ્રીડનો છંટકાવ કરવો.

**આંબો:**

● આંબાના બગીચા ધરાવતા ખેડૂતોને મધીયાના અસરકારક નિયંત્રણ માટે મોર આવવાના સમયે લેકાનીસીલીયમ (વટીસીલીયમ) લેકાની ૧.૧૫ વે.પા. ૫૦ ગ્રામ/૧૦ લિટર (૧× ૧૦૮સી.એફ.યુ./ગ્રામ) અથવા બ્યુવેરીયા બેસીયાના નો છંટકાવ કરવો અને ત્યાર બાદ બે વખત સાત દિવસના અંતરે અને ચોથો છંટકાવ વટાણા અવસ્થાએ તેમજ પાંચમો છંટકાવ લખોટા અવસ્થાએ કરવો.

**કેળ:**

● જોડિયાહાર પધ્ધતિથી (૧.૨ ૨ ૧.૨ ૨ ૨.૪ મી.) કેળાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કેળના પાકમાં નાઈટ્રોજન અને પોટાશ બંને ૧૫૦ ગ્રામ પ્રતિ છોડ (યુરીયા ૩૨૫ ગ્રામ અને મ્યુરેટ ઓફ પોટાશ ૨૫૦ ગ્રામ પ્રતિ છોડ) ટપક સિંચાઈ પધ્ધતિ મારફતે ૩૦ હપ્તામાં ૭ દિવસના અંતરે તેમજ રોપણી સમયે ૫ કિ.ગ્રા./છોડ છાણીયું ખાતર અને ૯૦ ગ્રામ ફોસ્ફરસ (૫૬૦ ગ્રામ સિંગલ સુપર ફોસ્ફેટ) એક સરખા ત્રણ હપ્તામાં રોપણી બાદ ત્રીજા, ચોથા અને પાંચમાં મહિને આપવાથી વધુ ઉત્પાદન અને આવક મળે છે.

● કેળની લુમને ઢાંકવા માટે સુકા પાન અથવા કંતાનથી લુમને ઢાંકવી.

દાડમ:

● પાણીની અનિયમિતતાના કારણે ફળ ફાટી જતાં હોય છે. જેમાં નિયમિત ૭ થી ૮ દિવસે પાણી આપવું.

**પપૈયા:**

● થડ ઉપર એક મીટર ઊંચાઈ સુધી બોર્ડોપેસ્ટ લગાડવી.

કુંવાર પાઠુ: ● કુંવારપાઠા માટે ગુજરાત આણંદ કુંવારપાઠુ -૧ નું વાવેતર કરવું.

# જંતુનાશકોના સલામત ઉપયોગ અંગેના પાંચ સોનેરી નિયમો

ખેડૂત મિત્રો, જંતુનાશકોના વપરાશ દ્વારા ઉભી થતી આડ અસરો પૈકી કુદરતી પર્યાવરણને થતી માઠી અસર, જીવાતોમાં પ્રતિકારકતા, ખાદ્યપદાર્થોમાં ઝેરી અવશેષો, જળ, જમીન અને હવાનું પ્રદુષણ વિગેરે ગણી શકાય. જંતુનાશકોનાં વપરાશની તમામ નબળી બાબતોને ધ્યાનમાં લઈએ તો પણ, દેશમાં કૃષિ વિકાસ અને માનવ સ્વાસ્થયનાં રક્ષણ માટે, જંતુનાશકોનો ઉપયોગ એ સામાજીક વ્યવસ્થા જાળવવા માટે અનિવાર્ય દુષણ છે. કેમ કે હાલમાં આપણી પાસે જંતુનાશક દવાની ગેરહાજરીમાં ઝડપી અને અસરકારક જીવાત નિયંત્રણની અન્ય એક પણ પધ્ધતિ નથી કે જે રાતોરાત જંતુનાશક દવાનું સ્થાન લઈ શકે. પરિણામે જંતુનાશક દવાઓના વપરાશ પાક ઉત્પાદનમાં થતો ઘટાડો નિયંત્રીત કરવા માટે અનિવાર્ય છે. જેથી પાક ઉત્પાદનનાં આ અનિવાર્ય ઘટકનાં ઉપયોગમાં સવિશેષ કાળજી તેમજ સામાજીક જાગૃતિની તાતી જરૂરીયાત રહેલી છે.

૧) દરેક ઉપયોગ વખતે સાવધાની રાખો : હંમેશા જંતુનાશક ઉત્પાદનોને બાળક તેમજ પાલતુ પ્રાણીઓની પહોંચથી દૂર તાળુ મારીને રાખો. જંતુનાશક દવાની હેરફેર તેમજ સંભાળમાં સાવધાની રાખો, હંમેશા તેને ખાદ્યપદાર્થો તેમજ પ્રાણીઓથી દૂર રાખો. હંમેશા જંતુનાશક દવાનાં ટીનને ત્રણ વખત સાફ કરી, સ્થાનિક રીતે તેનો અસરકારક નિકાલ કરો. છંટકાવ સમયે ટોપી પહેરો અને દિવસે ગરમીના સમયે છંટકાવ કરવાનું ટાળો. પીવા માટે પાણીનો પુરતો જથ્થો સાથે રાખો જે, પાણીની કમીના સમયે ઉપયોગી થશે.

૨) ઉત્પાદનનું લેબલ વાંચો અને બરાબર સમજો : જંતુનાશક દવાના ટીન પરના લેબલ ઉપર ઉત્પાદન દર્શાવવામાં આવેલ જરૂરી અને અગત્યની માહિતી જેવીકે જંતુનાશક દવાની ખાસિયત અને તેના ઉપયોગ વખતે રહેલ જોખમો તેમજ આકસ્મિક સંજોગોમાં રાખવાની યોગ્ય કાળજી દર્શાવેલ હોય છે. હંમેશા લેબલ પરની વપરાશ



અંગેની સુચનાઓનો અમલ કરો. (પાક, ઉપયોગની માત્રા તેમજ પાણીનાં જથ્થાની એકમ વિસ્તાર દીઠ જરૂરીયાત). જો તમને લેબલની માહિતી

વિપુલ ગઢીયા
કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી,
મોટા ભંડારીયા (અમરેલી)
એસ.આર.પટેલ
કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ન સમજાય તો અન્યની મદદ લઈ તેને સમજો. જે લેબલ પર ચિત્રો દર્શાવેલા હોય છે જેનાથી જંતુનાશક દવાઓમાં રહેલા ઝેરની માત્રા વિશે આપેલ રંગીન ફોટોગ્રાફથી સમજી શકાય છે. જંતુનાશક દવાની સમય અવધિ (**Expiry date**) ચેક કરવી. ઓછી જોખમકારક દવાની પસંદગી કરો અને તેને ખરીદતી વખતે ધજક ના વર્ગીકરણ મુજબ કલર સંકેત (ત્રિકોણાકાર) અને કલર રીંગ દર્શાવેલ છે તેને સમજો. દુર્ઘટના નિવારવા માટે લેબલ પર દર્શાવવામાં આવેલ સૂચનો વાંચી તેનો અમલ કરો.

જંતુનાશક દવાનો વપરાશ કયા પાકમાં કઈ જીવાત માટે ભલામણ કરેલ છે તેની ખાતરી કરવી. સંકલિત જીવાત નિયંત્રણ વ્યવસ્થાનાં અન્ય ઘટકો સાથે સુસંગતતા ચકાસવી. પાક વીણી કે કાપણીને ધ્યાનમાં રાખી છંટકાવ કરવો.

જંતુનાશક દવાનાં છંટકાવનો સમય : સવાર કે સાંજના સમયે જયારે પવનની ગતિ ધીમી હોય ત્યારે છંટકાવ કરવો. વધુ ગરમી હોય તો ૧૧ થી ૪ ના સમય દરમ્યાન છંટકાવ કરવાનું મુલત્વી રાખવુ. શકય હોય તો નિંદામણમાં ફૂલ આવતા પહેલા નિંદામણ નાશક દવાનો છંટકાવ કરવો. જીવાતનો ઉપદ્રવ ક્ષામ્યમાત્રા કરતા વધુ હોય ત્યારે જ છેલ્લા ઉપાય તરીકે જંતુનાશક દવાનો છંટકાવ કરવો. લીવર ઓપરેટેડ નેપસેક સ્પ્રેયરની મદદથી ભૂમિ છંટકાવ કરતી વખતે પ્રતિ હેકટરે પાકનાં કદને ધ્યાનમાં લઈ ૫૦૦ થી ૧૦૦૦ લીટર સુધીનો પાણીનો વપરાશ થાય તેની કાળજી લેવી. ભૂકી રૂપ જંતુનાશક દવાનો છંટકાવ હંમેશા સવારના સમયે જ કરવો. આ માટે માનવશકિતથી ચાલતા હેન્ડ રોટરી ડસ્ટર કે બેલી માઉન્ટેડ રોટરી ડસ્ટરનો ઉપયોગ કરી શકાય.

૩) પોતાની સ્વચ્છતાની સારી આદત પાડો : રસાયણ સાથે કામ કરતી વખતે હંમેશા સ્વચ્છ પાણી મળી રહે તેવી ગોઠવણી કરો. આંખો કે ચામડી પર કોઈ પણ રસાયણ પડે કે સ્પર્શે કે તરત જ તેને ચોખ્ખા પાણીની છાલક વડે ધોઈ નાંખો. પાક સંરક્ષક રસાયણનાં છંટકાવ સમયે કે તેની સાથે કામ કરતી વખતે ખાવુ, પીવુ કે ધ્રુમપાન કરવું જોઈએ નહી. હંમેશા રસાયણ સાથે કામ કર્યા બાદ તમારા શરીર અને કપડાને ધોઈ નાંખો. દવા છંટકાવ સમયે ઉપયોગમાં લીધેલ કપડાને ધરેલુ કપડાથી અલગ રાખી ધુઓ. રસાયણનો છંટકાવ શરૂ કરતા પહેલા જો તમને સારૂ ન લાગે તો રસાયણ સાથે કામ કરવાનું માંડી વાળો.

૪) છંટકાવના સાધનોની કાળજી અને સંભાળ : છંટકાવમાં ઉપયોગ લેતા પહેલા છંટકાવના સાધનની ચકાસણી કરો. જો કોઈક જગ્યાએથી ગળતુ હોય તો વાપરતા પહેલા તેનું સમારકામ કરો. નોઝલ ચોખ્ખી અને અસરકારક કામ કરે છે કે કેમ તેની ચકાસણી કરો અને જરૂર જણાયે નોઝલની બદલી કરો. છંટકાવનાં સાધનની ક્ષમતાની વર્ષમાં એક વાર કે તેના વપરાશ મુજબ ચકાસણી કરો. છંટકાવના સાધનને વપરાશ બાદ સાફ કરો અને તેને બાળક, ખોરાક અને પાલતું પ્રાણીઓથી સુરક્ષિત રાખો. છંટકાવ કરનાર વ્યકિતને છંટકાવની વાછટ અને દવા તરફથી આવતા પવનથી દૂર રાખો. વધુ પવનની ગતિ વાળા દિવસે છંટકાવ ટાળો.

૫) છંટકાવ સમયે યોગ્ય સંરક્ષક પોશાક અને સાધનોના ઉપયોગ : જંતુનાશકોના મિશ્રણ અને છંટકાવના સમયે લેબલમાં દર્શાવેલ ચિત્રોનાં સુચનોનો અમલ કરો. જુદી જુદી જંતુનાશક દવાઓ અને ઉત્પાદનો મુજબ સંરક્ષક પોશાક અને સાધનોની જરૂરીયાત અલગ અલગ હોય. આમ છતા સામાન્ય સંજોગોમાં લાંબી બાંયવાળુ શર્ટ, લાંબુ પેન્ટ અને અશોષક પ્રકારનાં પગરખાં કમરથી નીચેની ઉંચાઈએ નોઝલ/નાળચા વડે છંટકાવ સમયે પહેરવા જરૂરી અને સલામત છે. મોટી કિનારીવાળી ટોપી સૂર્યના તડકા અને જંતુનાશક દવાના છંટકાવની વાછટથી રક્ષણ આપે છે. પ્રવાહી જંતુનાશકનાં મિશ્રણ સમયે આંખ અને હાથના રક્ષણની જરૂરિયાત રહે છે જયારે પાવડર સ્વરૂપ જંતુનાશકનાં મિશ્રણ વખતે મોં પટ્ટી/માસ્ક જરૂરી છે. હાથમોજાને દૂર કરતા પહેલા ધુઓ જેથી ચેપ લાગવાથી બચી શકાય.

# ગુજરાતમાં અધિકારીઓ પર સરકારની નજર, મંત્રીઓના આદેશની અવગણના કરનાર સામે કડક કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૨૨



ગુજરાત સરકાર દ્વારા વહીવટી તંત્રમાં શિસ્ત અને પારદર્શિતા લાવવા માટે મહત્વપૂર્ણ અને કડક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી એવી ફરિયાદો ઉઠી રહી હતી કે કેટલાક સરકારી અધિકારીઓ મંત્રીઓ અને ધારાસભ્યોના આદેશોને અવગણી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને સામાન્ય વહીવટ વિભાગે સ્પષ્ટ સૂચનાઓ આપી છે. પરિપત્ર મુજબ હવે વિભાગના વડાઓ મંત્રીઓના અભિપ્રાય વિરુધ્ધક કોઈ નિર્ણય લઈ શકશે નહીં. ચૂંટાયેલા પ્રતિનિધિઓના આદેશનું પાલન ફરજિયાત ગણાશે. જો કોઈ કેસમાં મંત્રી અને અધિકારી વચ્ચે મતભેદ હોય, તો તે ફાઈલ મુખ્ય સચિવ મારફતે મુખ્યમંત્રી સુધી મોકલવાની રહેશે, જ્યાં અંતિમ નિર્ણય લેવાશે. સરકારે શિસ્તભંગના કેસોમાં પણ નવી સમયમર્યાદા નક્કી કરી છે. નિવૃત્તિ પહેલાં એક મહિના અગાઉ જ તપાસ ફાઈલ રજૂ કરવી ફરજિયાત બનાવાઈ છે. નિયમોના ભંગ બદલ જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

# મયુર ડાયકેમ પર આઈટીના દરોડાનો ત્રીજો દિવસ, કરોડોની ટેક્સ ચોરીના પુરાવા મળ્યા

અમદાવાદ, તા. ૨૨



અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલી કેમિકલ કંપની 'મયુર ડાયકેમ' પર આવકવેરા વિભાગની કાર્યવાહી ત્રીજા દિવસે પણ યથાવત રહી છે. શુક્રવારથી શરૂ થયેલું સર્ચ ઓપરેશન હવે નિર્ણાયક તબક્કે પહોંચ્યું છે, જેમાં વિભાગને કરોડો રૂપિયાની ટેક્સ ચોરીના મહત્વપૂર્ણ પુરાવા હાથ લાગ્યા છે. વટવા જીઆઈડીસી સ્થિત ઓફિસ અને ફેક્ટરી સહિત માલિક મયુર પટેલ અને તેમના ભાગીદારોના અમદાવાદ તથા વડોદરાના પાદરા ખાતે આવેલા નિવાસસ્થાનો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. સઘન તપાસ દરમિયાન બિનહિસાબી રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના અને શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા છે. સાથે જ અનેક બેંક લોકર્સ સીલ કરવામાં આવ્યા છે. આઈટી વિભાગ ખાસ કરીને કંપનીની નિકાસ અને તેના બદલામાં મળતી પેમેન્ટની પ્રક્રિયા, તેમજ બોગસ બિલિંગ અને હવાલા એન્ટ્રીઓ દ્વારા ટેક્સ બચાવવાના મુદ્દાઓની તપાસ કરી રહ્યું છે. ડિજિટલ ડેટા અને ડાયરીઓના આધારે માલિકોની પૂછપરછ ચાલી રહી છે. આ મામલે વધુ મોટા ખુલાસાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# સિક્કિમમાં ફરી ભૂકંપના આંચકા, ૪.૧ તીવ્રતાનો ઝટકો નોંધાયો

નવી દિલ્હી, તા. ૨૨

સિક્કિમમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ શનિવારે રાત્રે ૮:૪૧ વાગ્યે ૪.૧ તીવ્રતાનો હળવો ભૂકંપ નોંધાયો હતો. તેનું કેન્દ્ર મંગન જિલ્લામાં સપાટીથી અંદાજે ૧૪ કિલોમીટર ઊંડાઈએ હતું. અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મિલકતને નુકસાન થયું નથી, છતાં સાવચેતીરૂપે લોકો ઘર બહાર નીકળી ગયા હતા. આ પહેલા શુક્રવારે ગંગટોક વિસ્તારમાં પણ બે ઝટકા અનુભવાયા હતા, જેમાં તીવ્રતા અનુક્રમે ૩.૬ અને ૨.૭ નોંધાઈ હતી. બંને કિસ્સામાં કોઈ નુકસાન નોંધાયું નહોતું. વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ હિમાલય વિસ્તાર ટેક્ટોનિક પ્લેટોની અથડામણને કારણે અત્યંત સંવેદનશીલ છે. ભારતનો મોટો ભૂભાગ ભૂકંપ જોખમવાળા ઝોનમાં આવે છે, તેથી આવી ઘટનાઓ દરમિયાન સતર્કતા અને તૈયારી જાળવવી જરૂરી બની છે.

# વિશ્વ જળ દિવસ નિમિત્તે પીએમ મોદીની અપીલ, પાણીના સંરક્ષણ માટે સંકલ્પ લેવાની હાકલ

નવી દિલ્હી, તા. ૨૨



વિશ્વ જળ દિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી અને પાણીના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. તેમણે પાણીને જીવનનો પાયો ગણાવતા જણાવ્યું કે તે માત્ર માનવ જીવન માટે જ નહીં, પરંતુ પૃથ્વીના ભવિષ્ય માટે પણ અત્યંત જરૂરી છે. પીએમ મોદીએ દરેક નાગરિકને પાણીના દરેક ટીપાનું મૂલ્ય સમજવાની અને તેનો સંરક્ષણ કરવાની અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં તેમણે લખ્યું કે આપણે સૌએ પાણીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાનો સંકલ્પ લેવો જોઈએ. સાથે જ તેમણે પાણી સંરક્ષણ માટે કાર્યરત લોકો અને સંસ્થાઓના પ્રયત્નોની પણ પ્રશંસા કરી હતી. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ વિશ્વ જળ દિવસનો હેતુ ટકાઉ વિકાસ લક્ષ્ય ૬ પ્રાપ્ત કરવાનો છે, જેના અંતર્ગત ૨૦૩૦ સુધી દરેકને સ્વચ્છ પાણી અને સ્વચ્છતા સુલભ બનાવવાનો ઉદ્દેશ્ય છે. આ વર્ષે મહિલાઓની પાણી વ્યવસ્થાપનમાં ભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ મુદ્દે બીજેડીનો કડક નિર્ણય, છ ધારાસભ્યો સસ્પેન્ડ

ભુવનેશ્વર, તા. ૨૨

રાજ્યસભા ચૂંટણી દરમિયાન ક્રોસ વોટિંગ કરનાર છ ધારાસભ્યો સામે બીજુ જનતા દળ (બીજેડી)એ કડક કાર્યવાહી કરી છે. પાર્ટી પ્રમુખ નવીન પટનાયકે પક્ષ શિસ્ત ભંગના આરોપસર તમામ છ ધારાસભ્યોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. આ નિર્ણય પાર્ટીના સત્તાવાર આદેશ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. સસ્પેન્ડ થયેલા ધારાસભ્યોમાં ચક્રમણિ કન્હર, નબા કિશોર મલ્લિક, સૌવિક બિસ્વાલ, સુબાસિની જેના, રમાકાંત ભોઈ અને દેવિરંજન ત્રિપાઠીનો સમાવેશ થાય છે. આ તમામે રાજ્યસભા ચૂંટણી દરમિયાન પાર્ટી વ્હીપનો ભંગ કરીને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરી હોવાનું માનવામાં આવ્યું છે. બીજેડીએ અગાઉ આ ધારાસભ્યોને કારણદર્શક નોટિસ પાઠવી હતી અને જવાબ માંગ્યોહતો. જોકે, તેમના જવાબોથી સંતોષ ન મળતા શિસ્ત સમિતિએ સસ્પેન્શનનો નિર્ણય લીધો હતો.

# હરમડિયામાં રેલવે આંદોલનનો સુખદ અંતઃ કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજાએ કરાવ્યા પારણા

કોડીનાર, તા. ૨૨



ગીર ગઢડા તાલુકાના હરમડિયા ગામે છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા રેલવે આંદોલનનો રવિવારે અંત આવ્યો છે. જૂનાગઢ-દેલવાડા અને વેરાવળ-દેલવાડા મીટરગેજ ટ્રેનો અચાનક બંધ કરી દેવાતા સ્થાનિક ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં ભારે રોષ હતો. આ જીવાદોરી સમાન ટ્રેનો પુનઃ શરૂ કરવાની માંગ સાથે હરમડિયા સ્ટેશને પ્રતીક ઉપવાસ શરૂ કરવામાં આવ્યા હતા. આજે કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી અને અન્ય અગ્રણીઓએ આંદોલન છાવણીની મુલાકાત લીધી હતી. મંત્રીએ રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરી રજૂઆત કરતા સકારાત્મક ખાતરી મળી હતી. ત્યારબાદ મંત્રીએ ઉપવાસ છાવણી પર બેઠેલા આંદોલનકારીઓને પારણા કરાવી આંદોલન સમેટાવ્યું હતું. આ પ્રસંગે કાળુભાઈ રૂપાલા, હાર્દિકભાઈ પાનસુરીયા અને ભરતભાઈ શિંગડ સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના લેરકા ગામે કમોસમી વરસાદથી હંગામી ડાયવર્ઝન ધોવાયુંઃ ૪ ગામોનો સંપર્ક જોખમાયો

ઉના, તા. ૨૨



સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે ગીરગઢડા પંથક અને ગીર વિસ્તારમાં પડેલા ધોધમાર વરસાદને કારણે ઉના તાલુકાના લેરકા ગામે નિર્માણાધીન બ્રિજ પાસે બનાવેલું હંગામી ડાયવર્ઝન સંપૂર્ણપણે ધોવાઈ ગયું છે. આ ઘટનાને પગલે લેરકા, ચીખલી, સોખડા અને માઢ ગામને જોડતા મુખ્ય માર્ગ પરનો વાહનવ્યવહાર ખોરવાયો છે અને ગ્રામજનોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

નવા બ્રિજનું કામ ચાલતું હોવાથી અવરજવર માટે આ ડાયવર્ઝન બનાવાયું હતું, જે રાત્રિના સમયે પાણીના ભારે પ્રવાહમાં વહી ગયું હતું. સવારના સમયે પાણીનો પ્રવાહ ચાલુ હોવા છતાં, મજબૂરીવશ મહિલાઓ, બાળકો અને વયોવૃદ્ધો જીવના જોખમે પસાર થતા જોવા મળ્યા હતા. સ્થાનિકોની માંગ છે કે નિર્માણાધીન પુલનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે અને ડાયવર્ઝનનું મજબૂત સમારકામ કરવામાં આવે જેથી ચોમાસામાં ફરી આવી કપરી સ્થિતિ ન સર્જાય.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો ભાંડાફોડ, ૨.૪૮ કરોડની નકલી નોટો સાથે ચીન કનેક્શન બહાર

અમદાવાદ, તા. ૨૨



અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમરાઈવાડી અને સુરતમાંથી ૨.૪૮ કરોડની નકલી નોટો સાથે મોટા રેકેટનો ભાંડાફોડ કર્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી યોગગુરુ પ્રદીપ અને તેની ગેંગે ચીની એજન્ટોની મદદથી હાઈ-સિક્યોરિટી પેપર મંગાવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પેઈડ વર્ઝનથી ૫૦૦ રૂપિયાની આબેહૂબ નોટો છાપી હતી. આ કેસમાં સેન્ટ્રલ એજન્સીઓ પણ જોડાઈ છે અને સંયુક્ત તપાસ ચાલી રહી છે. આરોપીઓએ ડાર્ક વેબ મારફતે ચીની સંપર્કો સાધ્યા હતા અને વિદેશથી ખાસ પેપર અને ઈંક મંગાવ્યા હતા. નકલી નોટોના સેમ્પલ આરબીઆઈને મોકલાયા છે, જ્યારે કસ્ટમ વિભાગમાં પણ આંતરિક તપાસ શરૂ થઈ છે.

# કાઠમંડુમાં બસ અકસ્માત, બે ભારતીયોના મોતથી શોકની લાગણી

કાઠમંડુ, તા. ૨૨

નેપાળની રાજધાની કાઠમંડુમાં થયેલા એક માર્ગ અકસ્માતમાં બે ભારતીય નાગરિકોના મોત થતા શોકની લાગણી વ્યાપી ગઈ છે. શુક્રવારે રાત્રે ભોટેભલ વિસ્તારમાં એક ખાનગી પેસેન્જર બસે તેમને ટક્કર મારતા પદમ ઉપાધ્યાય (૪૫) અને સતીશ કુમાર કુશવાહ (૩૭) ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંનેને તાત્કાલિક રાષ્ટ્રીય ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં શનિવારે તેમનું મૃત્યુ થયું હતું. કાઠમંડુ વેલી ટ્રાફિક પોલીસના અધિકારીઓ મુજબ અકસ્માત બાદ બસ ડ્રાઈવર માન બહાદુર બસનેટ (૩૫) ની ધરપકડ કરવામાં આવી છે. બસ ઓમ જનતા ટ્રાન્સપોર્ટની હતી, જે કાલીમાટીથી ત્રિપુરેશ્વર જઈ રહી હતી. સમગ્ર ઘટનાની તપાસ ચાલુ છે, તેમજ ભારતીય દૂતાવાસ સાથે સંપર્ક સાધવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ રહી છે.

# યુપી ચૂંટણી પહેલા અખિલેશ યાદવનું મહિલા કાર્ડ, નવા પુરસ્કારની જાહેરાત

લખનૌ, તા. ૨૨



ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે મહિલા મતદારોને આકર્ષવા મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. તેઓ આજે મૂર્તિ દેવી-માલતી દેવી મહિલા પુરસ્કારનું લોન્ચિંગ કરશે. આ પુરસ્કાર હેઠળ વિવિધ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર મહિલાઓને સન્માનિત કરવામાં આવશે. આ યોજના અંતર્ગત ૨૦ શ્રેણીઓમાં એવોર્ડ આપવામાં આવશે અને વિજેતાઓને એક લાખ રૂપિયાનું માનધન આપવામાં આવશે. આ પુરસ્કાર અખિલેશ યાદવની દાદી મૂર્તિ દેવી અને માતા માલતી દેવીના નામ પરથી રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન અખિલેશ યાદવ મહિલાઓ માટે કેટલીક નવી જાહેરાતો પણ કરી શકે છે. ચૂંટણી પહેલા આ પગલાને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# ગોંડલમાં મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ ખાતે નમાજ અદા કરી રમજાન ઈદની ઉજવણી કરી

ગોંડલ, તા. ૨૨



ગોંડલ શહેરમાં ઈદ-ઉલ-ફિત્રનો તહેવાર શાંતિ અને ભાઈચારા સાથે ઉજવાયો હતો. રમજાનના પવિત્ર મહિનાના સમાપન સાથે આવતી ઈદ લોકો માટે પ્રેમ, એકતા અને ખુશીઓ માટે સંદેશ લઈને આવે છે. મુસ્લિમ બિરાદરોએ રમજાન મહિનામાં રોજા રાખ્યા બાદ ઈદનો ચાંદ દેખાતા રમજાન ઈદની ઉજવણી કરી હતી. ગોંડલ શહેરના વોરા કોટડા રોડ પર આવેલ ઈદગાહ ખાતે વહેલી સવારથી મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકત્રીત થઈ નમાજ અદા કરી એકબીજાને ગળે મળી ઈદની મુબારકબાદી આપી હતી.

ગોંડલની ઈદગાહ મસ્જિદ ખાતે ઈદની નમાજ જામા મસ્જિદના ઈમામ મૌલાના આફતાફ સાહેબ તથા હાફિઝ ગુલામ મુસ્તુફા સાહેબ પઢાવી હતી.

દેશમાં શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપતો ઈસ્લામ ધર્મ વતન પ્રત્યે પ્રેમ રાખવાની શીખ આપી છે અને એ શીખ પર મુસ્લિમો કાયમ છે. દેશમાં કાયમી કોમી એખલાસ જળવાઈ રહે દેશ પ્રગતિ કરે તેવી દુઆ કરવામાં આવી હતી.

# સુરતમાં શક્તિપૂજન ભંડારો અને ધર્મસભા યોજાઈ : મોટી સંખ્યામાં સંતો રહ્યા ઉપસ્થિત

સુરત, તા.૨૨



સુરત મુકામે સાવરકુંડલાવાળા ભાણગીરીબાપુની દીકરી રીટાબેન દ્વારા શક્તિપૂજન ભંડારો અને ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવ (અમરોલી)ના મહંત જયંતીગીરી બાપુના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં દડવા મહંત અક્ષય પુરી, પુરણધામ આશ્રમના મહંત મનોજગીરીબાપુ, ગીરનારી બાપુ, કથાકાર મહેશગીરી ખોલવડ, લાઠીવાળા મહંત નટવરગીરી, જરખીયાવાળા મહંત મહેશગીરી ગોસ્વામી, ઈંગોરાળાના મહંત દિનેશભારથી, અમરોલીના ગીરનારી બાપુ અને વેલંજા ત્રાકુડાવાળા શ્રી બાપુ સહિતના સંતો-મહંતોએ હાજરી આપી હતી. આ પ્રસંગે સાવરકુંડલાના અગ્રણીઓ પ્રકાશગીરી, વિનુગીરી, મુકેશગીરી તેમજ રૂપાવટીના હિતેશગીરી અને વિસાવદરના હિતેશ પર્વત સહિત અનેક મહાનુભાવો અને સેવક સમુદાય બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમમાં પધારેલા તમામ મહેમાનોનું સ્વાગત અને સન્માન ભાણગીરીબાપુ, અશોક ગીરી, મહેશ ગીરી અને નિલેશ ગીરી (સાવરકુંડલા પરિવાર) દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર રહેલા દરેક ભાવિકને રુદ્રાક્ષની માળા અર્પણ કરવામાં આવી હતી, તેમ મહેશગીરી ગોસ્વામી (ચલથાણ)ની યાદીમાં જણાવવામાં આવ્યું છે.


## જિલ્લાના આંતરમાળખાકીય સુવિધાઓ માટે રૂ. ૬૮૧.૭૮ કરોડના ૧૪ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત : રૂ. ૨૫.૨૩ કરોડના ૧૦ વિકાસ કાર્યો લોકાર્પણ

# અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રૂ. ૭૦૭ કરોડના ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ









અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાની આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપતા અને જન સુખાકારીના રૂ. ૭૦૦ થી વધુ કરોડના ૨૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. મુખ્યમંત્રીએ અમરેલી એ.પી.એમ.સી ખાતે વિશાળ જનસભા સંબોધી હતી. સાથે જ ખેડૂતોના ઉત્પાદનોના રક્ષણ માટે રૂ. ૧૨ કરોડના ખર્ચે બે લાખ ચોરસ ફૂટમાં નિર્મિત “વિરાટ” શેડનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું. આ તકે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદાર હાથે જોઈએ તેટલા નાણા આપશે. આ માટે જિલ્લાની વિકાસ કામોનું સુવ્યવસ્થિત આયોજન સાથે ગુણવત્તાયુક્ત કામ થાય તેની તકેદારી લઈ વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે અપીલ કરી હતી. અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે એક નવી તત્પરતા પણ જોવા મળી રહી છે, તાજેતરમાં યોજાયેલી સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં માત્ર અમરેલી જિલ્લાના વિકાસ માટે જુદા જુદા પ્રોજેક્ટમાં રોકાણ અર્થે આશરે ૩૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ પણ થયા છે. ઉપરાંત એક નવી જી.આઈ.ડી.સી પણ મંજુર કરવામાં આવી છે.

જનપ્રતિનિધિઓએ ટીમ બનીને સુવ્યવસ્થિત વિકાસના કામોનું આયોજન કર્યું છે, તેના પરિણામે જ એક સાથે આટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વિકસિત ગુજરાતની નેમને ચરિતાર્થ કરવા સહિયારો પ્રયાસ કરવા પર મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો. પ્રાસંગિક ઉદ્દબોધન કરતા ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાને ઉદાર હાથે વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાઈ છે, તેમના નેતૃત્વમાં કંડારેલી વિકાસની કેડીને મુખ્યમંત્રી આગળ ધપાવી રહ્યા છે. આજે મુખ્યમંત્રીના હસ્તે આશરે રૂ. ૨૭૦ કરોડથી વધુના ખર્ચે રિંગ રોડનું ખાતમુહૂર્ત થયું છે. મુખ્યમંત્રીએ અમરેલી રીવરફ્રન્ટ માટે રૂ. ૫૦ કરોડના આયોજન સામે વધુ થતા ખર્ચને મંજૂર કરી રૂ. ૭૦ કરોડની મંજૂરી આપી છે.

અમરેલીમાં આગામી સમયમાં લાઠી રોડ, રેલવે ફાટક પર રૂ. ૯૫ કરોડના ખર્ચે ઓવરબ્રીજ તૈયાર થશે. બાબાપુર માર્ગે રૂ. ૩૫ કરોડના ખર્ચે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ તૈયાર થવાની છે. વડિયા શહેર અને તાલુકાને પ્રથમ વિજ્ઞાન કોલેજની સુવિધા મળી છે. યુવાનો માટે રૂ.૨૫ કરોડના ખર્ચે વિજ્ઞાન કેન્દ્ર અને રૂ. ૧૬ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર થઈ રહ્યા છે. ગત બજેટમાં લાઈબ્રેરી માટે રૂ. ૧૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ વરસડા ખાતે રૂ. ૩૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના પગલે મુખ્યમંત્રીએ તાત્કાલિક ખેડૂતો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરી અને તાત્કાલિક સહાય જમા કરાવી હતી.

ભાજપ પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જગદિશભાઈ વિશ્વકર્માએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલી અને મુખ્યમંત્રીએ આગળ ધપાવેલી વણથંભી વિકાસયાત્રા પૈકી સૌરાષ્ટ્રની પાયાની સમસ્યા પાણી અને સિંચાઈના વિકાસી ગાથા વર્ણવી હતી. આજે વડાપ્રધાને નર્મદાના નીર “સૌની યોજના”ના કેનાલ નેટવર્ક અને પાઈપલાઈન દ્વારા સૌરાષ્ટ્રની માતાઓ બહેનોનાં ઘર ઘર સુધી પહોંચાડ્યા છે. આ કડીના ભાગરૂપે એક લાખથી વધુ ચેકડેમનું નિર્માણ થયું હતું. આ પ્રસંગે મંત્રી, ધારાસભ્યો દ્વારા મુખ્યમંત્રીને ટાવરની પ્રતિકૃતિ આપી સન્માન કરવામાં આવ્યું હતું, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આંબરડી સફારી પાર્કની પ્રતિકૃતિ આપી મુખ્યમંત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. ટીમ અમરેલી દ્વારા રામ મંદિર અને વિકાસગાથાને વર્ણવતી પ્રતિકૃતિ આપી મુખ્યમંત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જગદિશભાઈ વિશ્વકર્માનું ટીમ અમરેલી વતી ૧,૧૧,૧૧૧ નોટબૂકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશ્વકર્માએ આ નોટબૂકનું વિતરણ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને કરવા માટે જણાવ્યું હતું. આ કાર્યક્રમના અંતે એન.એલ.આર.એમ યોજનાના લાભાર્થી બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવીની પ્રતિકૃતિ અર્પણ કરવામાં આવી હતી. જ્યારે પ્રાથમિક કૃષિ વિષયક ધીરાણ મંડળીઓને આર્થિક પ્રોત્સાહન આપતો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જ્યારે ૬૯મી શાળાકીય રાષ્ટ્રીય કક્ષાની અંડર-૧૯ હેન્ડબોલમાં ભાઈઓ અને બહેનોની ટીમના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી અને મહાનુભાવોએ દિવ્યાંજનોને ઈ-ટ્રાઈસીકલ અર્પણ કરી અને પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રીના આગમન પૂર્વે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાએ પ્રસંગિક સંબોધન કર્યું હતું. તેમજ જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા, શ્રી મહેશભાઈ કસવાલા, ભાવિન સોજિત્રા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, અગ્રણી અભયસિંહ ચૌહાણ, અતુલભાઈ કાનાણી, રાજેશભાઈ ભુતૈયા, ચેતન શિયાળ, મયૂર માંજરિયા, સહિતના અગ્રણીઓ અને જિલ્લામાંથી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### અમરેલી એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત

એરપોર્ટ ખાતે અમરેલીના ધારાસભ્ય અને રાજ્યના ઉર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારીના ધારાસભ્ય, જે.વી. કાકડિયા, રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, રેન્જ આઈજી આર. વી. અસારી, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અગ્રણી અભયસિંહ ચૌહાણ, અતુલભાઈ કાનાણી, રાજેશભાઈ ભુતૈયા, ચેતન શિયાળ, મયૂર માંજરિયા, મેહુલ ઘોરાજીયા, દિપક વઘાસીયા, પી.વી. વસાણી, બ્રિજેશ કુરૂંદલે, રમાબેન હીરપરા સહિતના મહાનુભાવોએ એરપોર્ટ પર મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખને સત્કાર્યા હતા.

### રૂ. ૭૦૭ કરોડના વિકાસકાર્યો

મુખ્યમંત્રીએ અમરેલી શહેરની ફરતે રૂ.૨૭૨ કરોડના ખર્ચે નિર્મિત થનાર રાધેશ્યામ-માચીયાળા બાયપાસ ઉપરાંત જાફરાબાદ ચારનાળા અને રાજુલા બાઢડા થોરડી માર્ગનું ખાતમુહૂર્ત કર્યું હતું, તેમજ માર્ગ અને મકાન વિભાગ - રાજ્યના રૂ. ૬૩૮.૨૬ કરોડના ૩ કામોનું ખાતમુહૂર્ત થયું હતું. તેમજ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક રૂ. ૨૪.૪૫ કરોડના આઠ કામો, બાગાયત વિભાગ હસ્તક રૂ. ૧૦ કરોડના એક કામ, નગરપાલિકા સાવરકુંડલા હસ્તક રૂ. ૭.૫૭ કરોડના એક કામ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ (DMF) હસ્તક રૂ. ૧.૫૦ કરોડના એક કામનો સમાવેશ થાય છે.

સાવરકુંડલામાં ભેંસાણ સરોવર ખાતે ૭.૫ કરોડના ખર્ચે નિર્મિત થનાર મલ્ટી પર્પઝ હોલ અને ચિલ્ડ્રન પાર્ક ઉપરાંત સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ખાતે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર બાગાયત વિભાગનું સેન્ટર ઓફ એક્સલન્સ, માર્ગ અને મકાન વિભાગ પંચાયતના સાવરકુંડલા ધારથી હઠીલાવાવ, મેવાસા એપ્રોચ રોડ, ખડસલી એપ્રોચ રોડ, વીરડી નાળ રોડ, કુંકાવાવ-નાજાપુર રોડ, લુવારાથી જૂના ગોરડકા રોડ, કુંકાવાવના રામપુરથી સરધારપુર રોડ સહિતના રૂ. ૨૪.૪૫ કરોડના કામો, અને ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગ હસ્તકના બાબરા તાલુકામાં વાંકિયા - નીલવડા ક્લસ્ટર રોડનું રૂ ૧.૫ કરોડના કામનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થયેલા વિકાસ કાર્યોમાં APMC અમરેલી ખાતે રૂ ૧૨ કરોડના ખર્ચે નિર્મિત ૦૨ લાખ ચોરસ ફૂટના વિશાળ શેડ, માર્ગ મકાન પંચાયત હસ્તકના સાવરકુંડલાના ધજડીપરાથી ખોડીયાર મંદિર સુધી રૂ.૧.૨૦ કરોડના ખર્ચે નિર્મિત રોડ, અમરેલી જિલ્લાના કુકાવાવ ખાતે રૂ. ૧.૧૨ કરોડના ખર્ચે નિર્મિત મોંઘી બા કન્યા શાળા, લાઠી તાલુકાના ટોડા ખાતે રૂ. ૧.૦૯ કરોડ ખર્ચે નિર્મિત પ્રાથમિક શાળા, રાજુલા તાલુકા ડોળિયા ખાતે રૂ. ૧.૦૬ કરોડના ખર્ચે નિર્મિત પ્રાથમિક શાળા, ધારીના છતડીયા ખાતે રૂ. ૧.૪૭ કરોડના ખર્ચે નિર્મિત માધ્યમિક શાળા, સાવરકુંડલા તાલુકાના મિતિયાળા ખાતે રૂ. ૧.૭૨ કરોડના ખર્ચે નિર્મિત માધ્યમિક શાળા, સાવરકુંડલા તાલુકાના આંબરડી મુકામે રૂ.૧.૫૨ કરોડ ખર્ચે નિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે. ઉપરાંત PGVCL દ્વારા અમરેલી વર્તુળ કચેરી દ્વારા રૂ. ૨.૬૯ કરોડના ખર્ચે નવનિર્મિત અમરેલીની ૦૨ વિભાગીય કચેરીઓ તથા રાજુલા શહેર અને રાજુલા ગ્રામ્ય વિભાગની રૂ ૧.૭૩ કરોડના ખર્ચે નિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

















